RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 13-10-2026 I VOL : 12 I Issue : 208 I Page : 8 I Price : 1.00/-

સુવિચાર
પોતાની કિંમત બીજાના અભિપ્રાયથી નક્કી ન કરો.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઑફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

ડભોઈ S.T. ડેપો બહાર ગંદકીના ગંજ અને આડેધડ પાર્કિંગનું સામ્રાજ્ય!

4

દેશના રાજકારણમાં હાઇ-વોલ્ટેજ ડ્રામા: CJI સૂર્યકાંતનો રાહુલ...

6

સરકારને સમર્થન તો અંધભક્ત, વિરોધ કરો તો ફૂલા: તનિષા મુખર્જી

7


અભિષેકએ સૌથી ઝડપી 2000 ટી-20 રન બનાવ્યા

## વિપક્ષની માર્ચ પૂરી, રાહુલ અચાનક સુપ્રીમ કોર્ટ પહોંચ્યા, INDIA બ્લોકના નેતાઓ હાજર

# જ્ઞાનેશ કુમારના મેસેજ આવે છે, તેમની પાસેથી ગોટાળા કરાવવામાં આવી રહ્યા છે: રાહુલ ગાંધી

નવી દિલ્હી

રાહુલ ગાંધીએ સોમવારે દાવો કર્યો કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે તેમની સાથે વાત કરવાનો ઘણી વખત પ્રયાસ કર્યો છે. દિલ્હીમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં એક સવાલના જવાબમાં રાહુલે કહ્યું- હા, તેમના મેસેજ આવે છે. જ્ઞાનેશ કુમાર આ પ્રેસ કોન્ફરન્સ જોઈ રહ્યા છે. હું તેમને કહેવા માગું છું કે તમે ગુનેગાર નથી, તમારી પાસે આ બધુ કરાવવામાં આવ્યું છે. સૌથી સરળ રસ્તો છે કે રાજીનામું આપો અને રસ્તામાંથી હટી જાઓ. રાહુલે સુપ્રીમ કોર્ટ સુધી માર્ચ કરતા પહેલાં 30 મિનિટ સુધી પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન એક પત્રકારે તેમને સવાલ કર્યો કે લોકો ચૂંટણી પંચની વાત કરે છે, પરંતુ તમે સીધા જ્ઞાનેશ કુમાર પર આરોપ લગાવો છો. શું તેમણે ક્યારેય તમારી સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો છે. રાહુલે કહ્યું, 'દિલ્હીને જેલ બનાવી દેવામાં આવી છે. આ પોલીસવાળા પરેશાન છે.



**'ED-CBI સહિત 200 અધિકારીઓ અમારા સંપર્કમાં', રાહુલ ગાંધીના દાવાથી સરકારની ચિંતા વધી!**

તેઓ કહી રહ્યા છે કે યુવાનોને અમારી પાસે કેમ પિટાવવામાં આવી રહ્યા છે. તેઓ કહી રહ્યા છે કે યુવાનોને રોકવા માટે કહેવામાં આવી રહ્યું છે. આરએસએસના ગુંડાઓ મહિલાઓને મારી રહ્યા છે. એક તરફ અમને કહેવામાં આવી રહ્યું છે કે પેલેટ ગન ચલાવો.' રાહુલ, પ્રિયંકા, ખડગે સહિત અન્ય વિપક્ષી સાંસદો સોમવારે રાત્રે અચાનક સુપ્રીમ કોર્ટની અંદર પહોંચ્યા. અગાઉ વિપક્ષી સાંસદોએ કૉન્સ્ટિટ્યુશન ક્લબથી સુપ્રીમ કોર્ટ તરફ કૂચ કાઢી હતી.

## રાહુલ ગાંધીના આક્રમક તેવર વચ્ચે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને હટાવવાનો પ્રસ્તાવ વિધાનસભામાં પાસ!

દેશની રાજનીતિમાંથી આ સમયના સૌથી મોટા અને સનસનાટીભર્યા સમાચાર સામે આવ્યા છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા ચૂંટણી પ્રક્રિયામાં અનિયમિતતા અને મત ચોરીના મુદ્દે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ સામે મોરચો ખોલીને આક્રમક વિરોધ પ્રદર્શનો જારી રાખવામાં આવ્યા છે, ત્યારે દેશના એક મહત્વપૂર્ણ રાજ્યની વિધાનસભાએ ઈતિહાસ રચતા મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવા માટેનો સત્તાવાર પ્રસ્તાવ પસાર કર્યો છે. આ કદમથી ભારતીય રાજકારણમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે.

કેરળ વિધાનસભાએ ઈતિહાસમાં પ્રથમવાર આવું કડક પગલું ભરીને મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને હટાવવા માટેનો વિશેષ પ્રસ્તાવ વિધાનસભા ગૃહમાં પસાર કર્યો છે. રાજ્યના નેતા દ્વારા આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો, જેને શાસક યુડીએફ (UDF) અને વિપક્ષી એલડીએફ (LDF) બંનેએ સમર્થન આપતા આ પ્રસ્તાવ પસાર થયો હતો. જોકે, ભારતીય જનતા પાર્ટી (BJP) ના ધારાસભ્યોએ આ પ્રસ્તાવનો ઉગ્ર વિરોધ કર્યો હતો, પરંતુ બહુમતીના જોરે આ પ્રસ્તાવ ગૃહમાં પાસ કરી દેવાયો છે. વિધાનસભામાં પાસ થયેલા આ પ્રસ્તાવમાં મુખ્ય ચૂંટણી કમિશનર પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

## દિલ્હી પોલીસને CJPનું ખુલ્લું 24 કલાકનું અલ્ટીમેટમ

### "પ્રદર્શનની મંજૂરી નહીં મળે તો ફરી આંદોલન સડકો પર ઉતરશે!" કસ્ટડીનો અધૂરો વીડિયો વાયરલ કરવા પર અભિજીત દીપકેનો ભડાકો!

નવી દિલ્હી / અમદાવાદ

દેશની રાજધાની દિલ્હીમાં ખાખી અને વિરોધ પ્રદર્શન કરી રહેલા નેતાઓ વચ્ચેનો હાઈ-વોલ્ટેજ સંગ્રામ હવે આર-પારની લડાઈમાં ફેરવાઈ ગયો છે. દિલ્હી પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અને અટકાયત બાદ કોકરોચ જનતા પાર્ટી (CJP) એ દેશની રાજધાનીમાં મોટો વિસ્ફોટ કરતા દિલ્હી પોલીસને સર્વપ્રથમ 24 કલાકનું આખરી અલ્ટીમેટમ આપી દીધું છે. CJPના નેતાઓએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો તંત્ર અને પોલીસ દ્વારા શાંતિપૂર્ણ પ્રદર્શન કરવાની સત્તાવાર મંજૂરી આપવામાં નહીં આવે, તો દિલ્હીની સડકો પર ફરી એકવાર મોટું અને ઉગ્ર આંદોલન ખડકી દેવામાં આવશે.

**"કસ્ટડીનો અધૂરો અને ભ્રામક વીડિયો વાયરલ કરાયો!" – અભિજીત દીપકેનો સણસણતો આક્ષેપ**

આ સમગ્ર વિવાદ વચ્ચે CJPના ફાયરબ્રાન્ડ નેતા અભિજીત દીપકે (Abhijeet Dipke) એ દિલ્હી પોલીસ અને સત્તાધીશોની કારસાજી સામે મોરચો ખોલ્યો છે. પોલીસ કસ્ટડી દરમિયાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ અભિજીત દીપકેએ પલટવાર કરતા સણસણતો આરોપ લગાવ્યો છે કે પોલીસે જનતા અને મીડિયાને ગુમરાહ કરવા માટે કસ્ટડીનો અધૂરો અને કટ-પેસ્ટ કરેલો વીડિયો જનતા સમક્ષ રજૂ કર્યો છે.

### 'જુલમ, અન્યાયની હદ વટાવી દીધી...' બુલડોઝર એક્શન પર ભડક્યાં ભાજપના દિગ્ગજ શિવરાજ

ભોપાલ

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પોતાના જ સંસદીય ક્ષેત્ર વિદિશાના કોસમી ગામમાં વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી બુલડોઝર કાર્યવાહી સામે તીવ્ર નારાજગી વ્યક્ત કરી છે. ભાજપ શાસિત રાજ્યના વન વિભાગ અને જિલ્લા પ્રશાસન પર આદિવાસી બહુલ કોસમી ગામમાં ગરીબ પરિવારોના ઘર તોડી પાડવા, પાક નષ્ટ કરવાનો અને કૂવાઓને માટીથી ભરી દેવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.

### રાજસ્થાનમાં ગ્રામજનોએ લાકડીઓ અને પથ્થરોથી હુમલો કરી ભાજપ નેતા અતર સિંહની મારી-મારીને હત્યા

ભરતપુર

રાજસ્થાનના ભરતપુર જિલ્લામાં બયાનાના પૂર્વ ધારાસભ્ય અને ભાજપ નેતા અતર સિંહ ભડાનાની હત્યા કરવામાં આવી. પત્ની કમલેશે જણાવ્યું કે અતર સિંહ રવિવારે સાંજે 6:30 વાગ્યે ભૌંડા ગામમાં આવેલી તેમની ક્રશર ખાણકામ લીઝ (પ્લાન્ટ) પર પહોંચ્યા હતા. આ દરમિયાન 70થી 80 લોકોએ તેમના પર લાકડીઓ અને પથ્થરોથી હુમલો કરી દીધો. હુમલામાં અતર સિંહ અને તેમના સહયોગી ગગન શર્મા ગંભીર રીતે ઘાયલ થયા હતા. બંનેને પહેલાં વૈર હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ત્યાર બાદ અતર સિંહને જયપુર અને ગગન શર્માને ભરતપુર રેફર કરવામાં આવ્યા હતા. SMSના પોલીસ અધિકારી જિતેન્દ્ર કુમારે જણાવ્યું કે અતર સિંહનું SMS હોસ્પિટલમાં રાત્રે 11:30 વાગ્યે મોત થયું હતું. પૂર્વ ધારાસભ્ય પર હુમલા બાદ ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. બંને પક્ષોએ એકબીજા પર હુમલો કરવાના આરોપ લગાવ્યા છે.

# મોટોખુલાસો/અમદાવાદમ્યુનિસિપલ કોર્પોરેશનનો ભ્રષ્ટાચાર ખુલ્લો પડ્યો!

## કોમનવેલ્થ રમાડવાની ડંફાશો મારતું AMC 20 ફૂટ ઊંડી ગટરનું ઢાંકણું પણ ન લગાવી શક્યું! 18,500 કરોડનું માતબર બજેટ છતાં શહેરમાં માત્ર '40% કમિશન રાજ'નો નાચ!

અમદાવાદ

વૈશ્વિક સ્તરે મોટી મોટી ઈવેન્ટ્સ યોજવાના દાવાઓ કરતી અને કોમનવેલ્થ ગેમ્સ લાવવાની ડંફાશો મારતી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની વાસ્તવિક પોલ હવે પ્રજાની નજરે ખુલ્લી પડી ગઈ છે.

કરોડો રૂપિયાના જાહેરાતી હોર્ડિંગ્સ, બ્યુટીફિકેશન અને પીઆર સ્ટંટ પાછળ પ્રજાના પરસેવાની કમાણી પાણીની જેમ વહાવતું આ લાપરવાહ તંત્ર સામાન્ય જનતાની જિંદગી બચાવવા માટે રસ્તા પર ખુલ્લી પડેલી ૨૦ ફૂટ ઊંડી ગટર પર એક સાદું લોખંડનું ઢાંકણું સરખું પણ લગાવી શકતું નથી! અમદાવાદ શહેરમાં તંત્રની અક્ષમ્ય બેદરકારી અને વરવી વાસ્તવિકતાએ ફરી એકવાર માસૂમ જીવ પર મોતનું જોખમ ઊભું કર્યું છે, જેના કારણે સમગ્ર શહેરમાં જનતાનો રોષ જ્વાળામુખીની જેમ ફાટી નીકળ્યો છે.

### 18,500 કરોડનું વાર્ષિક બજેટ: રૂપિયા જાય છે ક્યાં? પ્રજા પૂછી રહી છે સવાલ!

નાગરિકોમાં સવાલોનો મારો ચાલી રહ્યો છે કે શું ૧૮,૫૦૦ કરોડ રૂપિયા જેવું મસમોટું વાર્ષિક બજેટ ધરાવતી AMC પાસે શહેરના વિકાસ માટે, રોડ રસ્તા સુધારવા માટે કે પાયાની સલામતી માટે નાણાં નથી? જો બજેટ હોય તો ચોમાસામાં કે સામાન્ય દિવસોમાં પણ રસ્તાઓ પર મોત બનીને હાજર રહેતા ખુલ્લા મેનહોલ કેમ પૂરવામાં આવતા નથી?

આજે અમદાવાદ શહેરમાં ખુલ્લેઆમ ચર્ચા થઈ રહી છે કે AMC ની અંદર ધમધમતું '૪૦% કમિશન રાજ' અને ભ્રષ્ટાચારના પાપના કારણે પ્રજાના



વિકાસના નાણાં અધિકારીઓ અને નેતાઓના તિજોરીઓમાં જઈ રહ્યા છે. કોર્પોરેટર બનતાની સાથે જ જે સામાન્ય કાર્યકરો કે નેતાઓની ગાડીઓ રાતોરાત બદલાઈ જાય છે, મોટા-મોટા આલીશાન બંગલા બની જાય છે–ત્યારે શું તેમને સામાન્ય જનતાના છોકરાઓની કે માસૂમ જીવોની જાનમાલની જરાય પરવા છે ખરી? આ સવાલ આજે દરેક ગુજરાતીના હોઠ પર છે.

### અમદાવાદનો વિકાસ ખાડે ગયો: તંત્રની લાપરવાહી સામે ઉગ્ર રોષ

વિકાસના મોટા મોટા બોર્ડ મારતી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરને 'સ્માર્ટ સિટી' બનાવવાની મોટી મોટી વાતો કરી છે, પરંતુ જમીની હકીકત એ છે કે શહેરની ગટરો અને રસ્તાઓ ખુલ્લી ખીણ જેવા બની ગયા છે. અગાઉ પણ તંત્રની આવી જ બેદરકારીના કારણે અનેક નિર્દોષ નાગરિકો જીવ ગુમાવી ચૂક્યા છે છતાં સત્તાધીશોના પેટનું પાણીય હાલતું નથી. કાગળ પર ચાલતી યોજનાઓ અને ગ્રાઉન્ડ રિયાલિટી વચ્ચે જમીન-આકાશનો ફરક છે.

### મેયર હિતેશ બારોટ તાત્કાલિક જવાબદારી સ્વીકારે અને પીડિત પરિવારને ન્યાય અપાવે!

આ ભ્રષ્ટ તંત્રની લાપરવાહી અને ઘોર બેદરકારીના કારણે હાલમાં જ બનેલી એક ગોઝારી દુર્ઘટનામાં નિર્દોષ બાળકી તેનો ભોગ બની છે. આ કપરા અને શોકજનક સમયે પીડિત બાળકીના પરિવારજનોની હાલત અત્યંત દયનીય અને કણકણ કરતી બની ગઈ છે.

આ અતિસંવેદનશીલ મુદ્દે રોષે ભરાયેલી જનતા અને સ્થાનિક રહીશોની એક જ સૂરમાં ઉગ્ર માંગ છે કે AMC ના મેયર શ્રી હિતેશ બારોટ અને સત્તાધીશો પોતાની નૈતિક જવાબદારી સ્વીકારે. માત્ર સત્તાના સુખો ભોગવવાને બદલે આ ગંભીર દુર્ઘટનામાં ભોગ બનેલી માસૂમ બાળકીના પરિવારને તાત્કાલિક ધોરણે યોગ્ય આર્થિક સહાય અને કઠોર ન્યાય પૂરો પાડવામાં આવે.

જો તંત્ર હજુ પણ પોતાની નિંદ્રામાંથી નહીં જાગે, તો જનતાનો આક્રોશ રોડ પર ઉતરીને મોટું આંદોલન છેડશે!

## એક નજર...

### સમુદ્ર કિનારે પ્રિન્ટેડ સાડીમાં અંકિતા દવેનો બેકલેસ અને બોલ્ડ લુક



અંકિતા દવે એક જાણીતી ભારતીય મોડેલ, અભિનેત્રી અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર છે, જે મુખ્યત્વે હિન્દી વેબ સિરીઝ અને મ્યુઝિક વિડીયોમાં તેના અભિનય માટે ઓળખાય છે. તેણીએ પોતાના કરિયરની શરૂઆત મોડેલિંગથી કરી હતી અને વિવિધ બ્રાન્ડ્સ માટે ફોટોશૂટ અને જાહેરાતો કરીને ગ્લેમર વર્લ્ડમાં પોતાની ઓળખ બનાવી હતી.

## NEWS TRACK

### ફ્લાઇટ માટે લાઇનમાં ઊભેલાં હજયાત્રીઓ ઉપર મિસાઇલ પડી: સાઉદી પર 10 વર્ષમાં સૌથી મોટો હુમલો

યમનના હૂતી બળવાખોરોએ શનિવાર રાત્રે સાઉદી અરેબિયામાં રિયાધ એરપોર્ટ પર હુમલો કર્યો. તેમાં એક ભારતીય સહિત 13 લોકોનાં મોત થયા અને 300થી વધુ લોકો ઘાયલ થયા. આ પછી સાઉદી સરકારે રિયાધ એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનું સંચાલન અટકાવી દીધું. જોકે બીજા જ દિવસે રવિવારે હૂતી બળવાખોરોએ સ્થાનિક ફ્લાઈટ્સ માટે ઉપયોગમાં લેવાતા ટર્મિનલ પર હુમલો કરી દીધો. તેમાં એક પાકિસ્તાની નાગરિકનું મોત થયું. 10 ઑક્ટોબરે રિયાધ એરપોર્ટ પર થયેલો હુમલો છેલ્લા એક દાયકામાં સાઉદી અરેબિયા પરનો સૌથી મોટો હુમલો હતો. આ પહેલાં મે 2015માં સાઉદી અરેબિયાના કાતિફમાં એક શિયા મસ્જિદ પર હુમલો થયો હતો, જેમાં 21 લોકોનાં મોત થયા હતા. તેની જવાબદારી ઈસ્લામિક સ્ટેટે લીધી હતી. હૂતી બળવાખોરોના હુમલા બાદ રિયાધ એરપોર્ટની આંતરરાષ્ટ્રીય ઉડાનો શનિવારથી જ બંધ છે. બળવાખોરોએ એરપોર્ટ અને સાઉદીની હવાઈ સીમાનો ઉપયોગ ન કરવાની ચેતવણી આપી છે.

### સોનાની ખાણ પર હવાઈ હુમલા, સુદાનમાં 72 શ્રમિકોના મોત, જ્યાં ત્યાં મૃતદેહો વિખેરાયા...

ઉત્તર સુદાનમાં સોનાની ખાણો પર ભીષણ હવાઈ હુમલામાં 72 શ્રમિકોના કરુણ મોત થયા છે. 'ઈમરજન્સી લોયર્સ' મુજબ, નાના પાયે સોનું ઉત્ખનન કરતા ગરીબ શ્રમિકો નિશાન બન્યા છે. માનવાધિકાર સંસ્થાએ આ હુમલા માટે ઈજિપ્તની વાયુસેનાને જવાબદાર ઠેરવી છે. સુદાનમાં ચાલી રહેલા ગૃહયુદ્ધને કારણે સોનાનું ઉત્ખનન વધ્યું છે, જેની મોટા પાયે ઈજિપ્તમાં તસ્કરી થાય છે. ઉત્તર સુદાનમાં સોનાની ખાણો પર થયેલા ભીષણ હવાઈ હુમલામાં ઓછામાં ઓછા 72 શ્રમિકોના દર્દનાક મોત થયા છે. સ્થાનિક માનવાધિકાર સંગઠન 'ઈમરજન્સી લોયર્સ' અનુસાર, આ હવાઈ હુમલામાં નાના પાયે સોનાનું ઉત્ખનન કરતા ગરીબ શ્રમિકો નિશાન બન્યા છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં આ વિસ્તારમાં બનેલી આ બીજી મોટી ગોઝારી ઘટના છે. માનવાધિકાર સંસ્થાએ આ હવાઈ હુમલા માટે ઈજિપ્તની વાયુસેનાને જવાબદાર ઠેરવી છે. સંસ્થાનું કહેવું છે કે સરહદ પારથી કરવામાં આવેલો આ પ્રકારનો હુમલો આંતરરાષ્ટ્રીય કાયદાઓનો સ્પષ્ટ અનાદર અને ઉલ્લંઘન છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# નીરજા ગુપ્તાનું વધુ એક સનસનાટીભર્યું કારસ્તાન: પોતાના જ પુસ્તકને ખરીદવા ખુદ ઓર્ડર આપ્યો!!!!

## પિયૂષ પટેલે બિલ પાસ કરવા મંજૂરી આપી, ગુજરાત યુનિવર્સિટીએ 1 હજાર કોપીના ચૂકવ્યા 4.14 લાખ રૂપિયા!

અમદાવાદ

ગુજરાતની પ્રતિષ્ઠિત ગણાતી 'ગુજરાત યુનિવર્સિટી'માં સત્તા અને વહીવટી ખુરશીનો દૂરુપયોગ કરીને કરોડોની મલાઈ ખાવાના કૌભાંડો અટકવાનું નામ નથી લઈ રહ્યા. 'પાક્કો ગુજરાત' દ્વારા હાથ ધરવામાં આવેલા એક ગંભીર અને વિસ્ફોટક ઈન્વેસ્ટિગેશનમાં યુનિવર્સિટીના ભ્રષ્ટ વહીવટી તંત્રની એવી પોલ ખુલી છે કે જાણીને સામાન્ય પ્રજા અને વિદ્યાર્થીઓ પણ દંગ રહી જશે. ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા પોતાના જ અંગત સ્વાર્થ અને આર્થિક ફાયદા માટે સરકારી તિજોરીમાંથી લાખો રૂપિયાની લૂંટ ચલાવવામાં આવી રહી છે.

વીસી (VC) ની સત્તા અને વરદહસ્ત હેઠળ ચાલતા આ ખેલમાં નીરજા ગુપ્તાએ



પોતાના જ પુસ્તકને યુનિવર્સિટીના ભોગે વેચીને રૂપિયા કમાવવાનું અતિઘાતક કારસ્તાન આચર્યું છે! સામે આવેલી અત્યંત ચોંકાવનારી વિગતો મુજબ, ગુજરાત યુનિવર્સિટીમાં વીસી નીરજા ગુપ્તા દ્વારા લખવામાં આવેલા (અથવા સંબંધીત) પુસ્તકને ખરીદવા માટે ખુદ પોતાના જ વહીવટી પદનો દુરુપયોગ કરવામાં આવ્યો છે. નિયમોને ઘોળીને પી જઈને પોતાના જ પુસ્તકની નકલો યુનિવર્સિટી દ્વારા ખરીદવામાં આવે તે માટે અગાઉથી જ આખો પ્લાન ઘડી કાઢવામાં આવ્યો હતો. ખુદ લેખક કે રચનાકાર પોતે જ સત્તાના પ્રભાવથી પોતાની કિતાબો સરકારી કે સંસ્થાગત ભંડોળમાંથી ખરીદવાના ઓર્ડર પાસ કરાવે–આનાથી મોટો ભ્રષ્ટાચારનો નમૂનો બીજો કયો હોઈ શકે? આ સમગ્ર ગોરખધંધામાં એકાએક ફાઈલો આગળ ધપાવવા અને કરોડોના ભ્રષ્ટાચારને લીલીઝંડી આપવામાં વહીવટી વિભાગના પિયૂષ પટેલની ભૂમિકા અત્યંત શંકાસ્પદ રહી છે. નિયમો અને ઓડિટની તમામ મર્યાદાઓને વટાવીને પિયૂષ પટેલે સવાલો પૂછવાને બદલે તાબડતોબ આ બિલ પાસ કરવાની મંજૂરી આપી દીધી હતી. નીરજા ગુપ્તાની આ હાઈ-પ્રોફાઈલ સાઠગાંઠના કારણે યુનિવર્સિટીના જવાબદાર અધિકારીઓએ પ્રજાના પરસેવાની કમાણીના ટેક્સના પૈસા પોતાના અંગત લોકોને રેવડીની જેમ વહેંચી દીધા છે. ઈન્વેસ્ટિગેશનમાં બહાર આવેલા દસ્તાવેજો સ્પષ્ટ સાબિતી આપે છે કે, ગુજરાત યુનિવર્સિટીની તિજોરીમાંથી આ પુસ્તકની માત્ર ૧ હજાર કોપી (નકલો) ખરીદવાના નામે કાગળ પર ખેલ પાડીને માતબર રકમ ચૂકવવામાં આવી છે. યુનિવર્સિટીના ફંડમાંથી આ ૧ હજાર કોપીના બદલામાં સીધા ૪,૧૪,૦૦૦ રૂપિયા (૪.૧૪ લાખ રૂપિયા) ચૂકવી દેવામાં આવ્યા છે! વિદ્યાર્થીઓની બેઝિક સુવિધાઓ, લાઈબ્રેરીના પુસ્તકો કે ગરીબ વિદ્યાર્થીઓની ફી માફી માટે ભંડોળ ન હોવાનું રડારોળ કરતું આ નબળું તંત્ર, પોતાના મળતીયાઓના પુસ્તકો ખરીદવા માટે લાખો રૂપિયા લૂંટાવવામાં જરાય શરમાયું નથી. આ સનસનાટીભર્યા ઈન્વેસ્ટિગેશન બહાર આવતા જ ગુજરાત યુનિવર્સિટી સહિત સમગ્ર રાજ્યના શૈક્ષણિક અને રાજકીય વર્તુળોમાં મોટો ભૂકંપ સર્જાયો છે. વિદ્યાર્થી સંગઠનો અને જાગૃત નાગરિકો દ્વારા સવાલો પૂછવામાં આવી રહ્યા છે કે શું યુનિવર્સિટી હવે વ્યાપારી દુકાન બની ગઈ છે? ખાખી અને ખાદીની આડમાં યુનિવર્સિટીને ભ્રષ્ટાચારનો અડ્ડો બનાવનારા આ જવાબદાર અધિકારીઓ સામે ક્યારે તપાસ થશે અને ક્યારે કાયદેસરની કડક કાર્યવાહી થશે? 'પાક્કો ગુજરાત' આ ભ્રષ્ટાચારની ફાઈલો પર સતત નજર રાખી રહ્યું છે અને આગામી દિવસોમાં આનાથી પણ મોટા ખુલાસા સામે લાવશે!

# ઓઢવમાં સિંગરવા જીઆઇડીસી પાસે પ્લોટની ગટરમાંથી મૃત ભ્રૂણ મળી આવ્યું

અમદાવાદ

અમદાવાદના ઓઢવ સિંગરવા વિસ્તારમાં ગુજરાત વેપારી મહામંડળ નજીક પ્લોટની ગટર સફાઈ દરમિયાન 5-6 માસનું મૃત ભ્રૂણ મળ્યું. કોઈ અજાણી વ્યક્તિએ બાળકીનો જન્મ છુપાવવા ગટરમાં ફેંકી દીધું હોવાનું સામે આવ્યું છે. ઓઢવ પોલીસે ગુનો નોંધી CCTV ફૂટેજના આધારે વધુ તપાસ શરૂ કરી છે.

ઓઢવ વિસ્તારમાં સિંગરવા સ્થિત ગુજરાત વેપારી મહામંડળ પાસે આવેલા પ્લોટની ગટરમાંથી સફાઈ કામ દરમિયાન 5થી 6 માસનું મૃત ભ્રૂણ મળી આવ્યું છે. કોઈ અજાણી વ્યક્તિએ બાળકીનો જન્મ છુપાવવાના ઈરાદે તેને ગટરમાં ફેંકી દીધી હોવાની વિગતો સામે આવતાં ઓઢવ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ઓઢવ સિંગરવા ખાતે આવેલ ગુજ રાત વેપારી મહામંડળની ઓફિસમાં એડમિન તરીકે ફરજ બજાવતા સંજયપટેલ 11 ઓક્ટોબરે બપોરે ઓફિસ પાસે હાજર હતા. આ દરમિયાન સંસ્થાના પ્રમુખ ભુપેન્દ્ર પારેખે તેને ફોન કરીને જાણ કરી હતી કે પ્લોટની બાજુમાં ગટરની સાફ-સફાઈ ચાલી રહી છે, ત્યારે અંદરથી એક મૃત હાલતમાં નવજાત ભ્રૂણ મળી આવ્યું છે. સંજયે સ્થળ પર જઈને જોતાં ગટરમાં 5થી 6 માસનું ભ્રૂણ પડેલું જોવા મળ્યું હતું. આ અંગે તેણે તાત્કાલિક ઓઢવ પોલીસને જાણ કરતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો.

# AMTS બસ ડ્રાઇવર જોડે પ્રેમ યુવતીને ભારે પડ્યો: પૂર્વ પ્રેમીની પત્નીએ યુવતી અને તેના પિતાના ફોટા પર અભદ્ર લખાણ લખી બદનામ કરી

અમદાવાદ

અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતી એક નર્સિંગ કોલેજની યુવતીને સોશિયલ મીડિયા પર અભદ્ર શબ્દોનો પ્રયોગ કરી બદનામ કરવામાં આવી હોવાની ગંભીર ઘટના સામે આવી છે. AMTS બસના ડ્રાઈવર સાથે પરિચય થયા બાદ પ્રેમસંબંધ બંધાયો હતો, પરંતુ ડ્રાઈવર પરિણીત હોવાની જાણ થતાં યુવતીએ સંબંધ તોડી નાખ્યા હતા. તેમ છતાં પૂર્વ પ્રેમીની પત્નીએ શંકા રાખી યુવતી તથા તેના પિતાના ફોટા સાથે ઈન્સ્ટાગ્રામ પર અભદ્ર સ્ટોરી મૂકી બદનામી કરતાં આખરે નરોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. નરોડામાં પરિવાર સાથે રહેતી 21 વર્ષીય યુવતી નર્સિંગનો અભ્યાસ કરે છે. એક વર્ષ પહેલાં AMTS બસમાં પોતાના ફોઈના ઘરે જતી વખતે ડ્રાઈવરની આગળની સીટ પર બેસતાં ડ્રાઈવર સાથે તેનો પરિચય થયો હતો. ત્યારબાદ બંનેએ નંબરની આપ-લે કરી વાતચીત શરૂ કરી હતી. જે બાદમાં બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો અને અલગ અલગ જગ્યાએ મળતા પણ હતા. એક દિવસ યુવતીએ ડ્રાઈવરના મોબાઈલમાં પરિવારના ફોટા જોતાં તે પરણિત હોવાની જાણ થઈ હતી. જેથી યુવતીએ તાત્કાલિક તમામ સંબંધો તોડીને વાતચીત બંધ કરી દીધી હતી. બાદમાં પૂર્વ પ્રેમીની પત્નીને તેમના વચ્ચેના સંબંધોની જાણ થઈ હતી, જેથી તેણે યુવતીને મેસેજ-ફોન કરીને કહ્યું હતું કે, તમે આ સંબંધ તોડી દો. સામે યુવતીએ કહ્યું કે, તે પરિણીત છે, એની જાણ થતા અમે સંબંધ તોડી નાખ્યો છે.

# અમદાવાદમાં ખાખીની આબરૂના ધજાગરા: પોલીસ પહોંચે તે પહેલાં જ ગૌમાંસના ધંધાદારીઓ ભૂગર્ભમાં ઉતરી ગયા

અમદાવાદ

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાના કડક દાવાઓ વચ્ચે અમદાવાદના વેજલપુર વિસ્તારમાંથી ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં ગૌમાંસના કથિત ગેરકાયદેસર વેચાણની બાતમી મળતાં વેજલપુર પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી, પરંતુ પોલીસ આવે તે પહેલાં જ ચતુર આરોપીઓ હવામાં ઓગળી ગયા હતા. આ ઘટના બાદ હવે સૌથી મોટો અને ગંભીર સવાલ એ ઊભો થયો છે કે પોલીસની રેડ પડે તે પહેલાં જ બાતમીની ગુપ્ત માહિતી આ શખ્સો સુધી પહોંચાડે છે કોણ? શું ખાખી વર્દીની અંદર જ બેઠેલા કોઈ ભેદી ખબરીઓ આ ગેરકાયદે ધંધાને સંભાળી રહ્યા છે?

બનાવની વિગત એવી છે કે વેજલપુર પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે ફતેવાડી વિસ્તારમાં આવેલી ઈબ્રાહિમ મસ્જિદ પાસે, અનસપાર્ક-ટુ નજીક અને તહુરા બેકરીની બાજુમાં આવેલી દુકાન નંબર દસ સ્લેશ બેમાં ગેરકાયદેસર રીતે ગૌમાંસનું ધમધમાટ વેચાણ ચાલી રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક ઘેરાબંધી કરીને દરોડો પાડ્યો હતો. જ્યારે પોલીસ ટીમ સ્થળ પર પહોંચી ત્યારે દુકાનનું શટર અડધું ખુલ્લું હતું અને અંદર હાજર મુખ્ય શખ્સ વશીઉરેહમાન કવિયુરેહમાન પઠાણ તથા તેના અન્ય સાગરીતો પોલીસની ગાડીઓ દેખાતા જ અંધારાનો લાભ લઈને નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

# મધ્ય પ્રદેશ લેપા હત્યાકાંડનો ઓળખ છુપાવી ગુરુગ્રામમાં રહેતો રૂપિયા 30 હજારનો ઈનામી આરોપી શહેર ક્રાઇમ બ્રાંચના હાથે ઝડપાયો

અમદાવાદ

મધ્ય પ્રદેશના ચકચારી લેપા હત્યાકાંડનો 30 હજારનો ઈનામી આરોપી રામુસિંહ તોમરને અમદાવાદ ક્રાઈમ બ્રાંચે હરિયાણાના ગુરુગ્રામથી ઝડપી પાડ્યો છે. 2023માં 6 લોકોની હત્યા કર્યા બાદ તે જુદા-જુદા રાજ્યોમાં છુપાઈને ફરતો હતો. 2013ના જમીન વિવાદમાં બદલો લેવા આ હત્યાકાંડ આચર્યો હતો. ક્રાઈમ બ્રાંચે તેને MP પોલીસને સોંપવાની કાર્યવાહી હાથ ધરી છે. મધ્ય પ્રદેશના મુરેના જિલ્લાના ચકચારી 'લેપા હત્યાકાંડ'માં છેલ્લા લાંબા સમયથી ફરાર અને 30 હજાર રૂપિયાનું ઈનામ ધરાવતો આરોપી રામુસિંહ ધીરસિંહ તોમરને અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ટીમે હરિયાણાના ગુરુગ્રામમાંથી ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. આ હત્યાકાંડને અંજામ આપ્યા બાદ આરોપી જુદા-જુદા રાજ્યોમાં પોતાની ઓળખ છુપાવીને નાસતો ફરતો હતો. હાલ અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા આ આરોપીને મધ્ય પ્રદેશના સિહોનિયા પોલીસ સ્ટેશનને સોંપવાની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વર્ષ 2023માં મધ્ય પ્રદેશના મુરેના જિલ્લાના ચંબલ વિસ્તારમાં આવેલા સિહોનિયા ગામના લેપા ગામમાં રણજીતસિંહ તોમરના પરિવારમાં દીકરીના લગ્ન પ્રસંગનો માહોલ હતો.

### ખાખી સામે વડગામના ધારાસભ્યની સીધી ટક્કર

# ગાંધીનગરમાં જિગ્નેશ મેવાણી સામે પોલીસ ફરિયાદ થતાં રાજકારણમાં ભડાકો

ગાંધીનગર/અમદાવાદ

ગુજરાતના રાજકારણમાં ખાખી અને નેતાઓ વચ્ચેનો s (ટકા) અને તણાવ ફરી એકવાર ચરમસીમાએ પહોંચ્યો છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના માહોલ વચ્ચે પેથાપુર પોલીસ સ્ટેશનમાં કોંગ્રેસના આક્રમક ધારાસભ્ય જિગ્નેશ મેવાણી અને તેમના સમર્થકો સામે સરકારી કામમાં અડચણ ઊભી કરવા અને ધમાલ મચાવવા બદલ સત્તાવાર ગુનો (FIR) દાખલ કરવામાં આવ્યો છે.



પોલીસ મથકે ફરિયાદ નોંધાતા જ રાજકીય ગલિયારોમાં ભારે ખળભળાટ મચી ગયો છે અને મેવાણીના સમર્થકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચાર દરમિયાન વોર્ડ નંબર 4 ના કોંગ્રેસના ઉમેદવાર અને અન્ય કાર્યકરોને એક મામલામાં પૂછપરછ માટે પેથાપુર પોલીસ સ્ટેશને બોલાવવામાં આવ્યા હતા. ભાજપના પ્રચારકને ધમકી આપવાના આક્ષેપો સાથે જોડાયેલી આ પૂછપરછ ચાલી રહી હતી, તે દરમિયાન ધારાસભ્ય જિગ્નેશ મેવાણી પોતાના સમર્થકો સાથે પોલીસ સ્ટેશનમાં ધસી આવ્યા હતા. પોલીસની હાજરી અને સત્તાવાર કામગીરીમાં અડચણ ઊભી કરવાના આક્ષેપ સાથે પોલીસે કડક પગલાં લેતા મેવાણી સહિત 8 લોકો સામે સખ્ત કલમો હેઠળ ગુનો નોંધી દીધો છે.

પોલીસ ફરિયાદ નોંધાવાની આ ઘટના સામે આવતા જ જિગ્નેશ મેવાણીએ પોતાના લાક્ષણિક અંદાજમાં સત્તાધીશો અને પોલીસ તંત્ર સામે મોરચો ખોલી દીધો છે. મેવાણીએ આક્રમક તેવર બતાવતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, સત્તાના નમાં ચૂર થયેલી સરકાર પોલીસનો દુરુપયોગ કરીને અવાજ દબાવવા માગે છે, પરંતુ આવા ફતવાઓથી જિગ્નેશ મેવાણી કે કોંગ્રેસનો કોઈ કાર્યકર ડરવાનો નથી.

લોકશાહીના નામે ચાલતી દાદાગીરી સામે ઈંટનો જવાબ પથ્થરથી આપવામાં આવશે તેવું કહીને તેમણે સરકારને સીધો પડકાર ફેંક્યો છે.

ચૂંટણીના ટાણે જ પોલીસ સ્ટેશનમાં સર્જાયેલા આ હાઈવોલ્ટેજ ડ્રામા અને નેતાઓની પડાપડીના કારણે આગામી દિવસોમાં રાજ્યનું રાજકારણ વધુ ગરમાવાના પૂરા એંધાણ વર્તાઈ રહ્યા છે.

### નડિયાદમાં કોંગ્રેસનો જોરદાર હલ્લાબોલ

# 'વોટ ચોર ગદ્દી છોડો'ના નારા સાથે નીકળી 'લોકશાહી બચાવો માર્ચ'

નડિયાદ

ચરોતરના પાટનગર નડિયાદમાં લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયા સામે સવાલો ઉભા કરીને કોંગ્રેસ પક્ષ દ્વારા સરકાર અને ચૂંટણી પંચ સામે મોરચો ખોલવામાં આવ્યો છે. મતદાર યાદીની ખાસ સઘન સુધારણા પ્રક્રિયા (SIR) અને મુખ્ય ચૂંટણી કમિશનર ગ્યાનેશ કુમારના કાર્યકાળ દરમિયાન ચૂંટણી પંચ દ્વારા લેવામાં આવેલા વિવાદાસ્પદ નિર્ણયો સામે ઉગ્ર વિરોધ નોંધાવવા માટે ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિ અને નડિયાદ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સંયુક્ત રીતે ભવ્ય અને આક્રમક 'લોકશાહી બચાવો માર્ચ'નું આયોજન કરવામાં આવ્યું હતું. નડિયાદના પારસ સર્કલ નજીક આવેલા ઈપ્કોવાળા હોલ ખાતે મોટી સંખ્યામાં કોંગ્રેસના હોદ્દેદારો, સિનિયર આગેવાનો અને જુસ્સાદાર કાર્યકરો એકત્ર થયા હતા. હાથમાં બેનરો અને સૂત્રો




સાથે કોંગ્રેસના આ કાર્યકરોએ શહેરના મુખ્ય માર્ગો પર રેલી કાઢીને સરકાર અને ચૂંટણી પંચની નીતિઓ સામે તીખો આક્રોશ વ્યક્ત કર્યો હતો.

આ રેલી દરમિયાન 'વોટ ચોર ગદ્દી છોડો' અને લોકશાહી વિરોધી નિર્ણયો પાછા ખેંચોના નારાઓથી નડિયાદ શહેર ગુંજી ઉઠ્યું હતું. આ વિરોધ પ્રદર્શન અને રેલીમાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓએ સત્તાધારી પક્ષ પર આકરા પ્રહાર કર્યા હતા. આ પ્રસંગે ખેડા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ મહેન્દ્રસિંહ રાણા, નડિયાદ શહેર કોંગ્રેસના પ્રમુખ હાર્દિક ભટ્ટ તેમજ અગ્રણી નેતાઓ જેમ કે ભારતસિંહ પરમાર, ચંદ્રશેખરસિંહ ડાભી, ગોકુલ શાહ અને સુભાષભાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ નેતાઓએ સંબોધનમાં જણાવ્યું હતું કે, મતદાર યાદીની આ સઘન સુધારણા (SIR) પ્રક્રિયાના નામે લોકશાહીના મૂળભૂત અધિકારો અને લાખો નાગરિકોના મતદાનના હક પર તરાપ મારવામાં આવી રહી છે, જેને કોંગ્રેસ ક્યારેય સહન નહીં કરે.

### પ્રજાના ટેક્સના કરોડોના ધુમાડા

# ગાંધીનગરમાં અઢી-અઢી કરોડના આલીશાન લક્ઝુરિયસ ફ્લેટ મળ્યા છતાં ધારાસભ્યોનો મફતની મલાઈ ખાવાનો મોહ છૂટતો નથી!

ગાંધીનગર

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં જનતાના પરસેવાની કમાણી અને ટેક્સના કરોડો રૂપિયાના પાણી કરીને ધારાસભ્યો માટે એકદમ સ્વર્ગ જેવા આલીશાન અને લક્ઝુરિયસ ફ્લેટ તૈયાર કરી દેવામાં આવ્યા છે. પાટનગરમાંથી અંદાજે અઢી કરોડ રૂપિયાની કિંમતના અત્યાધુનિક લક્ઝુરિયસ ફ્લેટ ફાળવવામાં આવ્યા હોવા છતાં, પ્રજાના કહેવાતા સેવકોની સરકારી મફતની સુવિધા ભોગવવાની ભૂખ ઓછી થવાનું નામ લેતી નથી. ધારાસભ્યોની આ સ્વાર્થી માનસિકતાએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે જ્યારે મફતની મલાઈ ખાવાની વાત આવે, ત્યારે પક્ષના ભેદ ભૂલીને તમામ નેતાઓ એક થઈ જાય છે. સરકારે કરોડો રૂપિયા ખર્ચીને ધારાસભ્યો માટે અત્યાધુનિક



સુવિધાઓથી સજ્જ નવા એમ.એલ.એ. ક્વાર્ટર્સ બનાવી દીધા છે અને તમામ ધારાસભ્યોને આલીશાન ફ્લેટ પણ ફાળવી દેવામાં આવ્યા છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે વિધાનસભાના ઉપાધ્યક્ષ, ચાર જેટલા પ્રધાનો સહિત કુલ 40થી વધુ ધારાસભ્યોએ હજી સુધી પોતાના જૂના એમ.એલ.એ. ક્વાર્ટર્સ ખાલી કર્યા નથી અને ત્યાં પોતાનો ગેરકાયદેસર કે ગેરવાજબી કબજો જમાવીને બેઠા છે. એક તરફ કરોડોનું નવું સરનામું મળ્યું છે, તો બીજી તરફ જૂના સરકારી ક્વાર્ટર્સ છોડવા તૈયાર નથી. આ કૌભાંડ કે લાલસામાં કોઈ પક્ષ પાછળ નથી. ભલે ચૂંટણીના ટાણે ભાજપ, કોંગ્રેસ કે આમ આદમી પાર્ટી (આપ) એકબીજા સામે ગમે તેટલા ગળાકાપ વાયદાઓ કરતા હોય અને સંસદ કે વિધાનસભામાં શાબ્દિક યુદ્ધ લડતા હોય, પરંતુ જ્યારે સરકારી સુવિધા, મફતનું ભાડું અને ભાઈભીતાઈ ભોગવવાની વાત આવે છે, ત્યારે શાસક પક્ષ અને વિપક્ષના તમામ ધારાસભ્યો એક જ થાળીના ચટાકા વડા સાબિત થઈ જાય છે. પ્રજાના કરવેરાના રૂપિયા પર પડાપડી કરવાનો આ નગ્ન નાચ જોઈને સામાન્ય નાગરિકોમાં ઉશ્કેરાટ ફેલાઈ ગયો છે.

# સાંતેજ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારના હાજીપુર ગામે બહેન સાથે પ્રેમસંબંધની શંકામાં ભાઈએ યુવકને પતાવી દીધો!!

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારના હાજીપુર ગામે મિત્રની બહેન સાથે પ્રેમસંબંધ હોવાના વહેમમાં કાવતરું રચી 22 વર્ષીય યુવકને ખેતરમાં લઈ જઈ છરાના ઘા ઝીંકી ક્રૂરતાપૂર્વક પતાવી દઈ પુરાવાનો નાશ કરવા લાશને ઊંડા કૂવામાં ફેંકી દીધી હતી. આ ચકચારી હત્યા કેસમાં એક સિક્યુરિટી ગાર્ડની સતર્કતાથી સાંતેજ પોલીસે ઝડપી કાર્યવાહી હાથ ધરી મર્ડર મિસ્ટ્રીનો ભેદ ઉકેલી કાઢ્યો છે. હાજીપુર ગામના દંતાણીવાસમાં રહેતો અને ખાત્રજની લુબી કંપનીમાં નોકરી કરતો પરેશ બાબુભાઈ દંતાણી 8 ઓક્ટોબરની રાત્રે મામાના ઘરે યોજાયેલા ભજનમાંથી અચાનક ગુમ થઈ થયો હતો. બીજા દિવસે પરેશનો મોબાઈલ સ્વિચ ઓફ આવતાં અને તેનો કોઈ પત્તો ન લાગતાં પરિવારે 10 ઓક્ટોબરે સાંતેજ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની નોંધ કરાવી હતી. આ દરમિયાન મૃતક પરેશના ભાઈ અમિતને ભોયણ રોડ પર પ્લાઝમા કંપનીના સિક્યુરિટી ગાર્ડ તરફથી મહત્ત્વની માહિતી મળી હતી. સિક્યુરિટી ગાર્ડે જણાવ્યું હતું કે, ગામનો સગીર બે દિવસ પહેલાં રાત્રે લોહીથી લથબથ કપડાં સાથે કંપનીમાં આવ્યો હતો અને ત્યાં જઈને તેણે કપડાં બદલ્યા હતા.

# ડભોઇના કૂકડ-ખાંડીવાવ તળાવમાં 2 દિવસથી જાળમાં ફસાયેલા 10 ફૂટ લાંબા અજગરનું સુરક્ષિત રેસ્ક્યૂ!

ડભોઇ / વડોદરા

'જ્યાં સુધી મીડિયામાં સમાચાર ચમકે નહીં, ત્યાં સુધી સરકારી તંત્ર કુંભકર્ણ નિંદ્રામાંથી જાગતું નથી'–આ કડવી વાસ્તવિકતા વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકામાં ફરી એકવાર સાબિત થઈ છે. ડભોઈના કૂકડ અને ખાંડીવાવ ગામ વચ્ચે આવેલા તળાવમાં છેલ્લાં બે દિવસથી માછીમારીની જાળમાં ફસાયેલા ૧૦ ફૂટ લાંબા મહાકાય અજગર મુદ્દે વન વિભાગ ઘોર બેદરકારી દાખવી રહ્યું હતું. પરંતુ 'પાક્કો ગુજરાત' ન્યૂઝ દ્વારા આ મૌન અને મૂંગા જીવની લાચારીનો મુદ્દો પ્રમુખતાથી ઉઠાવવામાં આવતા જ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ દોડતા થઈ ગયા હતા. 'પાક્કો ગુજરાત'ના અહેવાલની ધારદાર અસરને પગલે



ગણતરીના કલાકોમાં જ વન વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચીને અજગરનું સફળ રેસ્ક્યૂ કર્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કૂકડ અને ખાંડીવાવ ગામની સીમમાં આવેલા તળાવમાં માછીમારોએ માછલી પકડવા માટે જાળ પાથરી હતી. આ જાળમાં આશરે ૧૦ ફૂટ જેટલો વિશાળ અને વજનદાર અજગર ખરાબ રીતે ફસાઈ ગયો હતો. જાળના તારમાં વીંટળાઈ ગયેલો અજગર બહાર નીકળવા માટે બે દિવસથી ફાફડા મારતો હતો અને તરફડી રહ્યો હતો. આ દ્રશ્ય જોઈને સ્થાનિક ગ્રામજનો, માછીમારો અને જીવદયા પ્રેમીઓએ તાત્કાલિક વન વિભાગના અધિકારીઓનો ટેલિફોનિક સંપર્ક સાધ્યો હતો. પરંતુ બે-બે દિવસ સુધી વારંવાર ફોન કરવા છતાં પેટનું પાણીય ન હલતાં વન વિભાગનો કોઈ કર્મચારી સ્થળ પર ફરક્યો સુદ્ધાં નહોતો! વન વિભાગની આ ઘોર નિષ્ક્રિયતા અને મૂંગા જીવ પ્રત્યેની ક્રૂર બેદરકારી સામે 'પાક્કો ગુજરાત' ન્યૂઝે અવાજ ઉઠાવ્યો હતો. આ અહેવાલ પ્રસારિત થતાં જ વન વિભાગના વહીવટી વર્તુળોમાં દોડધામ મચી ગઈ હતી. ઉચ્ચ કક્ષાએથી સૂચના મળતાં જ વન વિભાગની વિશેષ રેસ્ક્યૂ ટીમ તાબડતોબ લાઈફ જેકેટ અને જરૂરી સાધનો સાથે કૂકડ-ખાંડીવાવ તળાવ ખાતે દોડી આવી હતી. ભારે જહેમત અને કલાકોની કવાયત બાદ તળાવની જાળમાંથી ૧૦ ફૂટ લાંબા અજગરને સહીસલામત અને ઈજા વગર બહાર કાઢી લેવામાં આવ્યો હતો. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, પ્રાથમિક આરોગ્ય તપાસ બાદ આ અજગરને તેના કુદરતી રહેઠાણ એવા ઊંડા જંગલ વિસ્તારમાં સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવશે.

પાક્કો ગુજરાત

મંગળવાર | 13 ઓક્ટોબર 2026 | અમદાવાદ

### નડિયાદ ડેપો બાદ હવે ડભોઈ એસ.ટી. ડેપો બની ગયો નર્કાગાર!

# ડભોઈ S.T. ડેપો બહાર ગંદકીના ગંજ અને આડેધડ પાર્કિંગનું સામ્રાજ્ય!

## સ્વચ્છતા અભિયાનના ઉડી રહ્યા છે ધજાગરા, મુસાફરો અને નાગરિકઓ ત્રાહિમામ!



ડભોઈ

ઐતિહાસિક નગરી અને સાંસ્કૃતિક વારસા માટે જાણીતા ડભોઈ તાલુકામાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (ST) ના ડેપોની હાલત અત્યંત દયનીય અને શરમજનક બની ચૂકી છે. એસ.ટી. ડેપોના મુખ્ય પ્રવેશદ્વાર અને આસપાસના સમગ્ર પરિસરમાં ગંદકીના ગંજ ખડકાયા છે અને આડેધડ વાહનોના પાર્કિંગને કારણે અરાજકતા ફેલાઈ છે. એક તરફ કેન્દ્ર અને રાજ્ય સરકાર 'સ્વચ્છ ભારત મિશન' અને સ્વચ્છતા અભિયાન પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરી રહી છે, ત્યારે ડભોઈ એસ.ટી. ડેપો બહાર ખુલ્લેઆમ ખડકાયેલા કચરાના ઢગલા તંત્રના તમામ દાવાઓની પોલ ખોલી રહ્યા છે અને પોકળ સાબિત કરી રહ્યા છે! પ્રાપ્ત વિગતો અનુસાર, ડેપો પરિસરમાં લાંબા સમયથી સફાઈ કામદારો ફરક્યા ન હોવાના કારણે કચરો સડી ગયો છે અને તેના કારણે વાયુ પ્રદૂષણની સાથે અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. લાંબી મુસાફરી માટે કલાકો સુધી બસની રાહ જોઈને બેસતા સામાન્ય મુસાફરો, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, માતાઓ અને નાના બાળકો આ ગંદકી અને નર્કાગાર જેવી સ્થિતિ વચ્ચે બેસવા મજબૂર બન્યા છે. ડેપોની આ અત્યંત ખરાબ હાલતના કારણે આ વિસ્તારમાં ગંભીર રોગચાળો ફેલાવાની ભીતિ પણ સેવાઈ રહી છે, છતાં તંત્રના પેટનું પાણીય હાલતું નથી. ગંદકી ઉપરાંત, ડેપોના મુખ્ય માર્ગ અને પ્રવેશદ્વાર પર અનિયંત્રિત તેમજ ગેરકાયદે પાર્કિંગની ગંભીર સમસ્યાએ મુસાફરોની મુશ્કેલીઓમાં બેફામ વધારો કર્યો છે. અસામાજિક તત્વો અને વાહનચાલકો દ્વારા ડેપો બહાર જ વાહનો બેરોકટોક ઊભા કરી દેવાને કારણે અવારનવાર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. આડેધડ પાર્કિંગના લીધે એસ.ટી. બસોને ડેપોમાં અંદર પ્રવેશવામાં અને બહાર જવામાં ભારે અવરોધ ઊભો થાય છે, જ્યારે પગપાળા અવરજવર કરતા રાહદારીઓ અને મુસાફરોએ જીવના જોખમે રસ્તો ઓળંગવો પડે છે. સ્થાનિક રહીશો, વેપારીઓ અને દૈનિક મુસાફરોમાં આ બેદરકાર વહીવટી તંત્ર સામે ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. જનતા સવાલો પૂછી રહી છે કે એસ.ટી. નિગમ કે સ્થાનિક નગરપાલિકાનું બહેરા-મૂંગા બની ગયેલું તંત્ર ક્યારે કુંભકર્ણની નિદ્રામાંથી જાગશે?

## ગુજરાત સરકારની વાહન ખરીદી નીતિમાં મોટો ફેરફાર

### હવે ફીલ્ડ ડ્યૂટી માટે EV, ઑફ-રોડ કામગીરી માટે 4WD વાહનો ખરીદી શકાશે

ગાંધીનગર

ગુજરાત સરકારે સરકારી વાહનોની ખરીદી નીતિમાં મોટો ફેરફાર કર્યો છે. અત્યાર સુધી મુખ્યત્વે પદ અને હોદ્દાના આધારે સરકારી અધિકારીઓ માટે વાહનોની કેટેગરી નક્કી કરવામાં આવતી હતી. હવે અધિકારીઓની કામગીરી અને ફરજના સ્થળને ધ્યાનમાં રાખીને બે નવી કેટેગરી ઉમેરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો સંભાળતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ આ સુધારો કરાયો છે. નવી વ્યવસ્થા હેઠળ ફીલ્ડ ઈન્સ્પેક્શન અને એન્ફોર્સમેન્ટ માટે કેટેગરી-F, જ્યારે ઑફ-રોડ ફરજ બજાવતા અધિકારીઓ માટે કેટેગરી-F1 બનાવવામાં આવી છે. આ ઉપરાંત, ફીલ્ડ ડ્યૂટી માટે ઈલેક્ટ્રિક વાહનો (EV)ને પણ સ્થાન આપવામાં આવ્યું છે. સરકારની નવી જોગવાઈ મુજબ કેટેગરી-Fમાં મેદાની તપાસ, નિરીક્ષણ અને નિયમોના અમલ સાથે જોડાયેલી કામગીરી કરતા અધિકારીઓ માટે વાહનોની પસંદગી કરવામાં આવી છે. હવે ફીલ્ડ ઈન્સ્પેક્શન અને એન્ફોર્સમેન્ટ જેવી કામગીરી માટે પણ સરકારી વાહન તરીકે EV પસંદ કરવાનો વિકલ્પ ઉપલબ્ધ રહેશે. આ કેટેગરીમાં કુલ 8 વાહનોનો સમાવેશ કરાયો છે. નવી નીતિમાં કેટેગરી-F1નો સમાવેશ ખાસ કરીને એવા અધિકારીઓ માટે કરવામાં આવ્યો છે, જેમને કાચા રસ્તાઓ, અંતરિયાળ વિસ્તારો, જંગલો અને મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિઓમાં ફરજ બજાવવી પડે છે.

## દેણા ચોકડી પર રૂ. 35 લાખની સનસનાટીભરી લૂંટ: તહેવારોની મોસમમાં વડોદરા હાઈવે પર તસ્કરોનો આતંક!

વડોદરા

રાજ્યમાં એકતરફ તહેવારોની ઉજવણીનો માહોલ જામી રહ્યો છે, તો બીજી તરફ ગુનેગારો પણ બેફામ બન્યા છે. વડોદરાના નેશનલ હાઈવે-48 પર આવેલી દેણા ચોકડી પાસે દિનદહાડે ચોરીની એક અત્યંત ચોંકાવનારી અને સનસનાટીભરી ઘટના સામે આવી છે. હાલોલ GIDCના કર્મચારીઓના પગાર અને દિવાળી બોનસ માટે લઈ જવાતી રૂ. 35 લાખની જંગી રોકડ રકમ પર તસ્કરોએ ત્રાટકીને પળવારમાં હાથસફાઈ કરી લીધી છે.

મળતી વિગતો અનુસાર, કંપનીના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર રોમલકુમાર પટેલ પોતાની કિયા સેલ્ટોસ કારમાં રોકડ રકમ લઈને વડોદરા પરત ફરી રહ્યા હતા. 10 ઓક્ટોબરના રોજ સાંજે આશરે 5:45 વાગ્યાના સુમારે તેઓ નેશનલ હાઈવે-48 પર આવેલી દેણા ચોકડી નજીક પહોંચ્યા હતા. કારમાં લાખો રૂપિયા હોવા છતાં, રોમલકુમાર કાર પાર્ક કરીને નજીકની હોટેલ કે કિટલી પર ચા પીવા માટે ગયા હતા. રોમલકુમાર કાર મૂકીને ચા પીવા ગયા તે દરમિયાન તસ્કરો માટે માત્ર 10 મિનિટનો સમય જ કાફી બન્યો હતો. ચા પીને રોમલકુમાર પરત ફર્યા ત્યારે કારનો નજારો જોઈને તેમના હોશ ઊડી ગયા હતા. અજાણ્યા તસ્કરોએ કિયા સેલ્ટોસ કારની પાછળની બારીનો કાચ તોડીને સીટ પર મૂકેલી રૂ. 35 લાખ રોકડા ભરેલી બેગની ચોરી કરી લીધી હતી અને ઘટનાસ્થળેથી પળવારમાં ગાયબ થઈ ગયા હતા. ચોરી થયેલી આંગીય રકમમાં હાલોલથી વેપારની ઉઘરાણીના મળેલા રૂ. 5 લાખ અને આંગડિયા પેઢીમાંથી ઉપાડવામાં આવેલા રૂ. 30 લાખ મળીને કુલ રૂ. 35 લાખની રોકડ સામેલ હતી. આ નાણાં કંપનીના કર્મચારીઓના માસિક પગાર તેમજ દિવાળી પર્વ નિમિત્તે આપવામાં આવનારા બોનસ માટે લઈ જવામાં આવી રહ્યા હતા.

### આણંદમાં પ્રજાના અવાજને ડામવાનો ખૂંખાર ખેલ

## જન આક્રોશ પદયાત્રા' શરૂ થાય તે પહેલાં જ કોંગ્રેસના કાર્યકરોની આડેધડ અટકાયત

આણંદ

ચરોતરના પાટનગર સમાન આણંદ જિલ્લામાં રાજકીય માહોલ અત્યંત ગરમાયો છે. જનસૂર સુરક્ષા અને સ્થાનિક પ્રશ્નોને લઈને કોંગ્રેસ દ્વારા આયોજિત 'જન આક્રોશ પદયાત્રા' યોજાય તે પહેલાં જ પોલીસ પ્રશાસન હરકતમાં આવી ગયું હતું. પદયાત્રા શરૂ થાય તે પૂર્વે જ પોલીસે સત્તાના જોરે વિપક્ષી નેતાઓ અને કોંગ્રેસના આક્રમક કાર્યકરોને મોટા પાયે ડિટેઈન કરી લીધા હતા. વિરોધના અવાજને કચડી નાખવાના આ સરમુખત્યારશાહી પગલાથી રાજકીય ગલિયારોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

આણંદમાં વધતી મોંઘવારી, બેરોજગારી અને જનતાના પડતર પ્રશ્નોને વાચા આપવા માટે કોંગ્રેસ પક્ષ દ્વારા 'જન આક્રોશ પદયાત્રા'નું એલાન કરવામાં આવ્યું હતું. સરકાર વિરોધી રોષ સડકો પર ઉતરે અને જનમેદની એકત્ર થાય તે પહેલાં જ વહીવટી તંત્ર અને પોલીસ સાવધ થઈ



ગઈ હતી. પદયાત્રાના આયોજન સ્થળે પહોંચતાની સાથે જ પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો અને વિરોધ પ્રદર્શન શરૂ થાય તે પૂર્વે જ નેતાઓને સળિયા પાછળ ધકેલવાની કવાયત હાથ ધરી હતી. પોલીસ દ્વારા પદયાત્રાને મંજૂરી ન હોવાનું કારણ ધરીને અગ્રણી નેતાઓ અને કાર્યકરોની અટકાયત કરવાનું શરૂ કરવામાં આવતા જ વાતાવરણ તણાવપૂર્ણ બન્યું હતું. પોલીસ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. લોકશાહીમાં શાંતિપૂર્ણ વિરોધ નોંધાવવાનો અધિકાર છીનવાઈ રહ્યો હોવાનો આક્ષેપ કરી કાર્યકરોએ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. જોકે, પોલીસે બળપ્રયોગ કરીને તમામ આગેવાનોને ગાડીઓમાં ભરીને પોલીસ સ્ટેશન ખસેડી લીધા હતા. અટકાયતના આ નાટક બાદ આણંદ શહેરના મુખ્ય માર્ગો અને ચોકીઓ પર પોલીસનો કાફલો ખડકી દેવામાં આવ્યો છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ છાવણી જેવું વાતાવરણ ઊભું કરી દેવામાં આવ્યું છે. વિપક્ષે આકરી પ્રતિક્રિયા આપતા ચીમકી ઉચ્ચારી છે કે જનતાના અવાજને આવા દમનથી ક્યારેય દબાવી શકાશે નહીં અને આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

## આણંદમાં નવરાત્રી-દશેરા ટાણે ખાખીનો ભયાનક સપાટો

### LCBએ કાયદો અને વ્યવસ્થા જાળવવા યોજેલી 'કોમ્બિંગ નાઈટ'માં હથિયારધારી ઈલ્યાસ ઉર્ફે મચ્છી ઝડપાયો, દેશી પિસ્તોલ અને 3 જીવતા કારતૂસ જપ્ત!

આણંદ

નવરાત્રી અને વિજયાદશમી (દશેરા) જેવા પવિત્ર તહેવારો દરમિયાન આણંદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ રાખવા તેમજ અસામાજિક તત્વોના મનસૂબાઓ પર પાણી ફેરવવા માટે આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ કડક સપાટો બોલાવ્યો છે. તહેવારોની મોસમમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે હેતુથી જિલ્લા પોલીસ વડાની સૂચનાથી યોજાયેલી વિશેષ 'કોમ્બિંગ નાઈટ' દરમિયાન LCBની ટીમે સનસનાટીભરી કામગીરી કરતા ગેરકાયદેસર દેશી બનાવટની પિસ્તોલ અને જીવતા કારતૂસ સાથે કુખ્યાત આરોપી ઈલ્યાસ ઉર્ફે મચ્છીને રંગેહાથ ઝડપી પાડ્યો છે. આણંદ LCBની અલગ-અલગ ટીમો જ્યારે



ગુનાહિત ઈતિહાસ ધરાવતા તત્વો, અસામાજિક શખ્સો અને શંકાસ્પદ વિસ્તારોમાં સઘન ચેકિંગ અને પેટ્રોલીંગ (Combing Night) કરી રહી હતી, તે દરમિયાન ચોક્કસ ગુપ્ત બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે ત્વરિત કોર્ડન કરીને દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન શંકાસ્પદ હાલતમાં ફરેલા ઈલ્યાસ ઉર્ફે મચ્છી નામના શખ્સની તલાશી લેતા તેની પાસેથી ગેરકાયદેસર દેશી બનાવટની પિસ્તોલ (તંચા) અને 3 નંગ જીવતા કારતૂસ (લવ મેગેઝિન/એમ્યુનિશન) મળી આવ્યા હતા.

### ગુજરાતની વિકાસગાથામાં વધુ એક ગોલ્ડન સિદ્ધિ

## ભૂપેન્દ્ર પટેલ સરકારનો મોટો ધમાકો, 25 ઔદ્યોગિક એકમોને સહાય મંજૂર!!!

ગાંધીનગર

દેશના ગ્રોથ એન્જિન ગણાતા ગુજરાત રાજ્યની અવિરત વિકાસયાત્રામાં આજે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ ઉમેરાઈ છે. રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજીના સક્ષમ અને દુરંદેશી નેતૃત્વ હેઠળ ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રને બુસ્ટર ડોઝ મળ્યો છે. ગૃહ અને ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, રાજ્યમાં ઔદ્યોગિક ક્ષેત્રે રોકાણોને વધુ વેગ આપવા માટે વધુ ૨૫ વિશાળ ઔદ્યોગિક એકમોને સરકારી સહાય મંજૂર કરવામાં આવી છે. આ નિર્ણયથી ગુજરાતની ઉદ્યોગ સૃષ્ટિમાં ભારે ઉત્સાહનો મોજો ફરી વળ્યો છે. ગાંધીનગર ખાતે યોજાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિ (High Level Committee) ની મહત્વપૂર્ણ બેઠકમાં આ ઐતિહાસિક નિર્ણયો પર આખરી મહોર મારવામાં આવી હતી. આ ઉચ્ચસ્તરીય નિર્ણયના પરિણામે રાજ્યમાં આશરે રૂ. ૩,૯૦૩.૩૦ કરોડનું વિશાળ મૂડીરોકાણ આવશે. એટલું જ નહીં, આ નવા ઉદ્યોગોના આગમનથી રાજ્યના શિક્ષિત અને કુશળ યુવાનો માટે ૮,૧૭૮થી વધુ નવી રોજગારીની તકોનું સીધું સર્જન થશે. આ સિદ્ધિથી રાજ્યના



યુવાનો માટે કારકિર્દીના નવા દ્વાર ખુલશે. સરકારની ઉદ્યોગસ્નેહી નીતિઓ (Policy-driven Governance) અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ (Ease of Doing Business) ના કારણે આજે સમગ્ર વિશ્વ અને દેશભરના રોકાણકારો માટે ગુજરાત પહેલી પસંદગી બની રહ્યું છે. નવા સાહસિકો અને મોટા ઉદ્યોગગૃહને પ્રોત્સાહન આપવાની રાજ્ય સરકારની આ મક્કમ પ્રતિબદ્ધતા ગુજરાતને સમગ્ર દેશના અગ્રણી ઔદ્યોગિક ઉત્પાદન (Manufacturing Hub) અને વૈશ્વિક રોકાણના કેન્દ્ર તરીકે વધુ મજબૂત અને બુલંદ બનાવશે.

## ડેડીયાપાડામાં મોટરસાઇકલની ટક્કરે સાયકલ સવારનું મોત, બે વ્યક્તિ ઇજાગ્રસ્ત

ડેડીયાપાડા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં જરગામથી મોસીટ માર્ગ પર વડીવાવ ફાટક નજીક મોટરસાઈકલની ટક્કરે સાયકલ સવારનું મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં મોટરસાઈકલ ચાલક સહિત બે વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી.

પોલીસ ફરિયાદ મુજબ, જરગામના દિલીપભાઈ અમરસીંગ વસાવા હોન્ડા એસ.પી. શાઈન મોટરસાઈકલ (નંબર GJ-22-K-7058) ઝડપથી ચલાવી રહ્યા હતા. દરમિયાન તેમની મોટરસાઈકલ આગળ જઈ રહેલા મોસીટના સાયકલ સવાર અંબાલાલ રામજીભાઈ વસાવા સાથે અથડાઈ હતી.

અકસમાતમાં અંબાલાલ વસાવાને કપાળના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું મોત થયું હતું. જ્યારે મોટરસાઈકલ ચાલક દિલીપભાઈ વસાવા અને પાછળ બેઠેલા ઉમેશભાઈ ધનજીભાઈ વસાવાને ઈજાઓ પહોંચી હતી. મૃતકનાં પત્ની રમણીબેન વસાવાની ફરિયાદના આધારે ડેડીયાપાડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ભક્તિ, આસ્થા અને ઉલ્લાસનો મહાસંગમ

## નડિયાદના સુપ્રસિદ્ધ 'નવરંગ નવરાત્રી મહોત્સવ 2026'નો ભવ્ય પ્રારંભ

નડિયાદ

ચરોતરના પાટનગર સમાન નડિયાદમાં આશાપુરી અને જગતજનની મા અંબાની આરાધનાના પર્વ નવરાત્રીનો આજથી ભવ્ય અને ઉત્સાહભર્યો શુભારંભ થઈ ચૂક્યો છે. નડિયાદના સુપ્રસિદ્ધ 'નવરંગ નવરાત્રી મહોત્સવ 2026' ના પ્રથમ નોરતે પવિત્ર આરતી અને ભવ્ય ઉદ્ઘાટન પ્રસંગે જાણીતા આગેવાન સંજયસિંહ મહીડા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને મા અંબાની ચરણોમાં શીશ ઝૂકાવીને નવરાત્રી મહોત્સવનો દમામદાર પ્રારંભ કરાવ્યો હતો. પ્રથમ નોરતાના આ પાવન અવસરે સમગ્ર નડિયાદ નગરી ભક્તિના રંગે રંગાઈ ગઈ હતી. નવરાત્રી મહોત્સવના આ ભવ્ય ઉદ્ઘાટન સમારોહમાં ગુજરાત અને કેન્દ્રના રાજકારણના દિગ્ગજ



ચહેરાઓની ઉપસ્થિતિએ આયોજનની શોભામાં ચાર ચાંદ લગાવી દીધા હતા. આ પાવન પ્રસંગે ખેડાના લોકલાડીલા સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણ, નડિયાદના ધારાસભ્ય અને પીઢ નેતા શ્રી પંકજભાઈ દેસાઈ, નડિયાદના મેયરશ્રી મનીષભાઈ પટેલ, ડેપ્યુટી મેયરશ્રી કલ્પેશભાઈ રાવલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પરાગભાઈ તેમજ 'મા શક્તિ ચેરિટેબલ ટ્રસ્ટ'ના તમામ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી અને માતાજીની આરતી ઉતારીને મહોત્સવને ખુલ્લો મૂક્યો હતો. મા અંબાના અતૂટ આશીર્વાદ સાથે શરૂ થયેલા આ મહોત્સવમાં પરંપરાગત સંસ્કૃતિ અને આધુનિક ઉલ્લાસનો અદ્ભુત સંગમ જોવા મળ્યો હતો. પ્રથમ નોરતે જ ગરબા ગ્રાઉન્ડ ખેલૈયાઓની ભીડ અને મ્યુઝિકના તાલે ઝૂમી ઉઠ્યું હતું. સંજયસિંહ મહીડા અને ઉપસ્થિત અન્ય અતિથિઓએ ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો હતો અને નડિયાદવાસીઓને નવરાત્રી પર્વની હાર્દિક શુભકાભનાઓ પાઠવી હતી. મા શક્તિ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ ભવ્ય મહોત્સવને લઈને ખેલૈયાઓમાં અને યુવા વર્ગમાં અદ્ભુત ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### ગોપાલ ઈટાલિયાનો ભાજપ પર તીખો પ્રહાર

## "જલિયાંવાલા બાગ અને જંતરમંતર બંને તાનાશાહોના અત્યાચારના પ્રતીક!"

અમદાવાદ

આમ આદમી પાર્ટી (AAP) ના પ્રદેશ નેતા અને ફાયરબ્રાન્ડ વક્તા ગોપાલ ઈટાલિયાએ શાસક પક્ષ ભારતીય જનતા પાર્ટી (BJP) સામે આક્રમક મોરચો ખોલીને રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. ગોપાલ ઈટાલિયાએ દિલ્હીના જંતરમંતર પર તાજેતરમાં બનેલી ઘટનાઓ અને વિરોધ પ્રદર્શનો પર થયેલી પોલીસ કાર્યવાહીને મુદ્દો બનાવીને ભાજપ સરકારની તુલના અંગ્રેજોના તાનાશાહી શાસન સાથે કરી દીધી છે. તેમના આ તીખા અને ઘાતક નિવેદનથી રાજકીય ક્ષેત્રે મોટો ખળભળાટ મચી ગયો છે. ગોપાલ ઈટાલિયાએ ખુલ્લેઆમ ચૅલેન્જ ફેંકતા જણાવ્યું છે કે, જલિયાંવાલા બાગ



અને દિલ્હીનું જંતરમંતર બંને વિરોધનો અવાજ દબાવવા માટે તાનાશાહો દ્વારા આચરવામાં આવેલા અત્યાચારોના જીવંત પ્રતીક છે. અંગ્રેજ હુકૂમતે જેમ નિર્દોષ દેશવાસીઓ પર જલિયાંવાલા બાગમાં ક્રૂર અત્યાચાર ગુજાર્યો હતો, તેવી જ રીતે આજની સરકાર લોકશાહી ઢબે પોતાના હક માટે અવાજ ઉઠાવતા દેશના નાગરિકો, ખેડૂતો અને યુવાનોનો અવાજ દબાવવા માટે જંતરમંતર પર લાઠીઓ અને પોલીસબળનો ઉપયોગ કરી રહી છે. દેશની જનતા અને ઈતિહાસ આ બંને અત્યાચારોને ક્યારેય નહીં ભૂલે. ગોપાલ ઈટાલિયાએ વધુમાં ઉમેર્યું હતું કે જંતરમંતર એ દેશના સામાન્ય નાગરિક માટે પોતાની વેદના અને માંગણીઓ સરકાર સુધી પહોંચાડવાનું પવિત્ર સ્થળ રહ્યું છે. પરંતુ વર્તમાન સત્તાધીશો તાનાશાહી વલણ અપનાવીને વિરોધ પ્રદર્શન કરનારાઓ પર સકંજો કસી રહ્યા છે. લોકશાહીના ચોથા સ્તંભ અને જનતાના વિરોધ પ્રદર્શનના અધિકાર પર તરાપ મારવાની આ નીતિ સામે આમ આદમી પાર્ટી દેશભરમાં જનતાનો અવાજ બનીને લડતી રહેશે.

### નડિયાદમાં ગુનેગારોની દાદાગીરી સામે સોની સમાજનો રોષ

## ન્યૂ આર્ટ જ્વેલર્સના માલિક અને કર્મચારી પર હુમલો કરનાર શખ્સો સામે આક્રોશ, ચોક્સી બજાર સજ્જડ બંધ રાખી રેલી યોજી SPને આવેદનપત્ર પાઠવ્યું!

નડિયાદ

ખેડા જિલ્લાના વડામથક નડિયાદમાંથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઉભા કરતી એક સનસનાટીભર્યા ઘટના સામે આવી છે. નડિયાદના જાણીતા ચોક્સી બજારમાં આવેલી 'ન્યૂ આર્ટ જ્વેલર્સ'ના માલિક બિન્દેશ સોની અને તેમના કર્મચારી ઉપર હર્ષ બારોટ, વિશ્વાસ બારોટ, હાર્દિક ઉર્ફે બબો બારોટ તેમજ અન્ય એક શખ્સ દ્વારા ઘાતક હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટનાથી સમગ્ર સોની



સમાજ અને વ્યાપારી આલમમાં આગ ફાટી નીકળી છે. અસામાજિક તત્વોના આ આતંક સામે વેપારીઓએ એક થઈને નડિયાદ ચોક્સી બજાર સંપૂર્ણપણે બંધ રાખ્યું હતું અને વિશાળ રેલી યોજીને ખેડા જિલ્લા પોલીસ વડા (SP) ને આવેદનપત્ર પાઠવી કઠોર કાર્યવાહીની ઉગ્ર માંગ કરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, નડિયાદના હબ ગણાતા ચોક્સી બજાર વિસ્તારમાં આવેલી જ્વેલરીની દુકાન અને સામાન્ય વાહન પાર્કિંગ કે બોલાચાલીની બાબતમાં મામલો એટલો ઉગ્ર બન્યો હતો કે ઉશ્કેરાયેલા શખ્સોએ વેપારી અને કર્મચારીને નિશાન બનાવીને લોહીલુહાણ કરી દીધા હતા. દિનદહાડે બજાર વચ્ચે વેપારીઓ પર ખુલ્લેઆમ હુમલો કરવાની આ ઘટનાથી વેપારીઓમાં ભારે ડર અને રોષનો માહોલ છવાઈ ગયો છે. ગુનેગારોમાં પોલીસનો કોઈ ડર ના રહ્યો હોય તેમ એક પછી એક આવી ઘટનાઓ સામે આવી રહી છે.

## તંત્રી લેખ...

# વિદેશીઓને રિઝવવાના દેખાડા વચ્ચે જનતાનો દમ ઘૂંટાયો: અમદાવાદમાં AMC અને તંત્રની અંધાધૂંધી, લૂંટ અને બેદરકારીનો મોટો વિસ્ફોટ!

## 'કોમનવેલ્થ ગેમ્સ'ના નામે કરોડો રૂપિયાનું આંધણ, પણ સામાન્ય નાગરિકો માટે પાયાની સુવિધાઓમાં માત્ર મીંડું અને બેદરકારી!

ગુજરાતની આર્થિક રાજધાની ગણાતા અમદાવાદ શહેરમાં આજકાલ જવાબદાર વહીવટી તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા માત્ર એક જ મોડેલ પર કામ થઈ રહ્યું છે - અને તે છે કોઈપણ બહાના હેઠળ, કોઈપણ નવો નિયમ કે સોફ્ટવેર બતાવીને સામાન્ય જનતા પાસેથી ગમે તે રીતે દંડ અને વેરાના નામે રૂપિયા ઉઘરાવવા! આમ જનતા લોહી-પાણી એક કરીને ટેક્સ ભરે છે, પરંતુ બદલામાં તંત્ર તરફથી તેમને માત્ર અગવડતા, ભ્રષ્ટાચાર અને બેદરકારી સિવાય કશું જ મળતું નથી.

હાલમાં તમે અમદાવાદના માર્ગો પર નજર કરશો તો જણાશે કે 'કોમનવેલ્થ ગેમ્સ' અને વૈશ્વિક ઈવેન્ટ્સની પૂર્વ તૈયારીઓના નામે કરોડો રૂપિયાનું જંગી બજેટ ફાળવીને શહેરની રોનક બદલવાના ધમપછાડા ચાલી રહ્યા છે. શહેરને વિદેશી શહેરો જેવું ગ્લેમરસ બતાવવા માટે કરોડરજ્જુ વગરના આયોજનો કરવામાં આવી રહ્યા છે. પરંતુ




અમદાવાદના આંધળા તંત્રને કોઈ પૂછનાર નથી કે વિદેશ જેવું શહેર બનાવવા માટે સૌથી પહેલા વિદેશી જેવા ઉચ્ચ નૈતિકતા વાળા, પારદર્શક અને જવાબદાર અધિકારીઓ (DYMC, એસ્ટેટ, સફાઈ અને એન્જિનિયરિંગ વિભાગ) તેમજ લોકસેવક ગણાતા નેતાઓ (મેયર, ચેરમેન, ધારાસભ્ય, સંસદસભ્ય અને કોર્પોરેટર) બનવું અત્યંત જરૂરી છે!

જ્યારે આપણા વહીવટી વડાઓ અને વિઆઈપી આગેવાનો પોતાની માનસિકતા બદલીને ખરા અર્થમાં જવાબદાર બનશે, ત્યારે શહેર કોઈપણ વાદવિવાદ કે કરોડોના ખોટા ખર્ચ વિના આપોઆપ સુંદર અને વ્યવસ્થિત બની જશે. પરંતુ કમનસીબી એ છે કે, જે આમ જનતા, શ્રમિકો અને ગરીબ વર્ગ માટે 'અન્નપૂર્ણા' કે પાયાની સ્વાસ્થ્ય-સ્વચ્છતાની સુવિધાઓ ઊભી કરવાની હોય છે, તેમાં આ અધિકારીઓ અને નેતાઓ સંપૂર્ણ નિરસ્તા અને ઘોર બેદરકારી દાખવે છે. આજે માત્ર વિદેશી મહેમાનોને ખુશ કરવા માટે થઈને જે કાગળ પરના સુધારા અને દેખાડા થઈ રહ્યા છે, તે આખી જનતા ખુલ્લી આંખે જોઈ રહી છે.

બીજી તરફ, શહેરમાં દબાણ ખાતું (Estate Dept) અને ટ્રાફિક પોલીસ માત્ર સામાન્ય નાગરિકોને ટાર્ગેટ કરીને દંડ વસૂલવામાં મસ્ત છે, જ્યારે ગેરકાયદેસર બાંધકામો અને રોડ પરના દબાણો સામે આંખ આડા કાન કરવામાં આવે છે. 'સ્વચ્છ ભારત'ના નારા લગાવતું આ તંત્ર વાસ્તવિકતામાં કચરાના ઢગલા અને બિસ્માર રસ્તાઓથી શહેરને મુક્ત કરી શક્યું નથી. સરકારે અને જવાબદારોએ યાદ રાખવું પડશે કે જનતાનો આક્રોશ હવે સીમા વટાવી રહ્યો છે; જો વિદેશીઓને રિઝવવાની ઘેલછા છોડીને સ્થાનિક નાગરિકોના મૂળભૂત પ્રશ્નો નહીં ઉકેલાય, તો આ લોકરોષ તંત્રના તમામ ખોટા દાવાઓના ધજાગરા ઉડાડી દેશે!

પ્રજાના પૈસે જલસા: કરોડોનું બજેટ કોમનવેલ્થના નામે વપરાય છે, પણ સ્થાનિક વિસ્તારોના રસ્તા અને ગટરના પ્રશ્નો જસના તસ.

નિયમો માત્ર દંડવા માટે: સોફ્ટવેર અને નવા નિયમોનો ઉપયોગ પ્રજાનું ખિસ્સું કાપવા થાય છે, સુવિધા આપવા નહીં.

નેતાઓ અને અધિકારીઓનું વલણ: વિદેશી શહેર બનાવતા પહેલા માનસિકતા અને વહીવટ વિદેશી જેવા પારદર્શક બનાવવાની જરૂર છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

### શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્રેણી: અધ્યાય – 13

### (ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ વિભાગ યોગ)

# "દેહ મારું ક્ષેત્ર છે, પણ હું માત્ર દેહ નથી! 'હું કોણ છું?' એ પ્રશ્નનો જવાબ એટલે આત્મજ્ઞાનની શરૂઆત"

અધ્યાય ૧૧માં અર્જુનનો અહંકાર ઓગળ્યો, અધ્યાય ૧૨માં તેનું હૃદય ભક્તિથી જોડાયું. જ્યારે હૃદય નિર્મળ બને છે, ત્યારે જ બુદ્ધિ પરમ સત્યને ગ્રહણ કરવા માટે સક્ષમ બને છે. હવે અધ્યાય ૧૩ માં એક અત્યંત ગહન અને આધ્યાત્મિક વિશ્લેષણ તરફ આગળ વધીએ માણસ આખી જિંદગી દુનિયાને ઓળખવામાં પસાર કરી દે છે કોણ કેટલું સફળ છે, કોની પાસે કેટલી સંપત્તિ છે પરંતુ એક પ્રશ્ન પૂછવાનું ભૂલી જાય છે: 'જે શરીરથી હું દુનિયાને ઓળખું છું, એ શરીરને જાણનાર હું પોતે કોણ છું?'

આ જ પ્રશ્નનો ઊંડો વિચાર એટલે ગીતાનો તેરમો અધ્યાય ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ વિભાગ યોગ. આ અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ જીવનના સૌથી મોટા ભ્રમને તોડે છે 'હું આ શરીર છું' તે માન્યતાનો ભ્રમ.

**ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ જીવનનું મેદાન અને તેનો જાણકાર**

શ્રીકૃષ્ણ સમજાવે છે કે આ આપણું જે શરીર છે, તે જ 'ક્ષેત્ર' (ખેતર અથવા રમતનું મેદાન) છે. અને જે આ શરીરને જાણે છે, જે અંદર બેસીને આ બધું જોઈ રહ્યો છે, તે ચેતના કે આત્મા 'ક્ષેત્રજ્ઞ' છે.

જેમ ખેડૂત અને ખેતર બંને અલગ છે, વાહન અને તેને ચલાવનાર ડ્રાઈવર અલગ છે, બરાબર તેમ જ આ શરીર અને તેમાં રહેલો આત્મા બંને તદ્દન ભિન્ન છે. આપણા વિચારો, ઈચ્છાઓ, બુદ્ધિ, અહંકાર, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને સુખ-દુઃખના અનુભવો આ જીવનરૂપી 'ક્ષેત્ર'નો ભાગ છે.

આપણે ભૂલ ત્યાં કરીએ છીએ કે આપણે ખેતરને જ ખેડૂત માની લઈએ છીએ! કારમાં બેઠેલો ડ્રાઈવર જો કાર પર પડતા સ્ક્રેચને પોતાના જ શરીર પર પડેલો ઘા માનીને રડવા લાગે, તો તે કેવી મૂર્ખતા ગણાય? આપણી દશા પણ એવી જ છે. શરીરમાં આવતા રોગ કે અહંકાર પર થતા પ્રહારોને આપણે 'પોતાની' પર થયેલા પ્રહાર માની લઈએ છીએ. શરીર તો માત્ર એક વસ્ત્ર છે અને આત્મા તેને પહેરનાર છે.

'મનમાં ઊઠેલો દરેક વિચાર કે લાગણી અંતિમ સત્ય નથી; સમજદારી એ છે કે તેને ઓળખીને સાક્ષીભાવે યોગ્ય નિર્ણય લેવો.'

**સાચું જ્ઞાન શું છે?**

સામાન્ય રીતે આપણે ડિગ્રી કે માહિતીને જ સાચું જ્ઞાન માનીએ છીએ. પણ શ્રીકૃષ્ણ અહીં જ્ઞાનની એક અદભુત વ્યાખ્યા આપે છે. તેઓ ૨૦ એવા ગુણો વર્ણવે છે, જે મનુષ્યમાં પ્રગટે ત્યારે જ તેને 'જ્ઞાની' કહી શકાય. જેમ કે



અમાનિત્વમ્: પોતાની સિદ્ધિઓ કે પ્રતિષ્ઠાનો ગર્વ ન હોવો.

અદંભિત્વમ્: દંભ કે દેખાડાનો અભાવ; અંદર અને બહારથી એકસરખા રહેવું.

ક્ષમા અને આત્મવિનિગ્રહ: અપરાધને માફ કરવાની શક્તિ અને પોતાની નબળાઈઓ પર નિયંત્રણ.

એક શિક્ષક બાળકોને પ્રામાણિકતાનો પાઠ ભણાવે, પરંતુ પોતે અપ્રામાણિક વર્તન કરે, તો તેના શબ્દોની અસર ઓછી થઈ જાય છે. સાચું મૂલ્ય આપણા વર્તનમાં દેખાવું જોઈએ.

જ્ઞાનની સાચી ઊંચાઈ તમે કેટલું જાણો છો તેમાં નહીં, પરંતુ જાણેલી વાતને કેટલા પ્રમાણમાં જીવો છો તેમાં દેખાય છે.

સમાજ આપણને અનેક ઓળખ આપે છે શિક્ષક, અધિકારી, ખેલાડી કે વેપારી. પરંતુ આ બધી ઓળખ જીવનની ભૂમિકાઓ છે. એક સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ પર જ્યારે મેચ રમાતી હોય છે, ત્યારે ખેલાડીઓ પૂરા જોશથી રમે છે. તેમને ઈજા થાય છે, હાર-જીતનો તણાવ થાય છે. પણ બાઉન્ડ્રીની બહાર બેઠેલો 'અમ્પાયર' આખી રમતને સાક્ષીભાવે (Observer) જુએ છે. તે રમતમાં હોવા છતાં રમતથી અલિપ્ત છે.

જીવનમાં પણ આપણો આત્મા (ક્ષેત્રજ્ઞ) એ અમ્પાયર જેવો છે અને આ સંસાર રમતનું મેદાન (ક્ષેત્ર) છે. એક ખેલાડી મેડલ જીતે ત્યારે લોકો પ્રશંસા કરે, પણ જો બીજી વાર ન જીતે તો શું તેની મહેનતનું મૂલ્ય શૂન્ય થઈ જાય? ના. મેડલ એક સિદ્ધિ છે, વ્યક્તિનું સંપૂર્ણ મૂલ્ય નહીં. જ્યારે આપણે સાક્ષીભાવ કેળવીએ છીએ, ત્યારે હાર કે નિષ્ફળતા આપણને અંદરથી તોડી શકતા નથી.

સફળતાનો આનંદ માણો, પરંતુ પોતાની ઓળખને માત્ર સફળતા અને નિષ્ફળતાના માપદંડમાં કેદ ન કરો.

**આસક્તિ છોડવી અને સમદૃષ્ટિ રાખવી**

ગીતા કર્તવ્યથી ભાગવાનું નથી શીખવતી, પણ કર્તવ્ય નિભાવતાં પરિણામ પ્રત્યેની આસક્તિ છોડવાનું કહે છે. માતા-પિતા સંતાનને સારું શિક્ષણ આપે છે, પરંતુ જો તેઓ સંતાનના દરેક નિર્ણય પર નિયંત્રણ રાખવા માગે, તો પ્રેમમાં દબાણ ભળી જાય છે. એવી જ રીતે, શિક્ષકનું કર્તવ્ય નિષ્ઠાથી ભણાવવાનું છે, દરેક વિદ્યાર્થીની ક્ષમતા અલગ હોય છે. સમજદાર શિક્ષક કે વાલી દરેકની ક્ષમતા ઓળખીને યોગ્ય માર્ગદર્શન આપે છે.

શ્રીકૃષ્ણ સમજાવે છે કે જે જાણવા યોગ્ય છે (જ્ઞેય), તે પરમાત્મા છે, જે દરેક જીવમાં રહેલો છે. જે વ્યક્તિ દરેક જીવમાં પરમાત્માની હાજરીને સમદૃષ્ટિથી જુએ છે, તે સાચા જ્ઞાન તરફ આગળ વધે છે.

સાચું જ્ઞાન આપણને બીજાથી ઊંચા હોવાનો અહંકાર નહીં, પરંતુ દરેક જીવનું સન્માન કરવાની દૃષ્ટિ આપે છે.

જીવનની મોટાભાગની પીડાઓનું મૂળ આપણું શરીર અને ભૌતિક વસ્તુઓ સાથેનું 'અટેચમેન્ટ' છે.

જ્યારે આપણે અરીસા સામે ઊભા રહીને કહી શકીએ કે 'અરીસામાં દેખાતો ચહેરો એ મારો એક ભાગ માત્ર છે, મારું સંપૂર્ણ અસ્તિત્વ નહીં', ત્યારે સમજવું કે ગીતાનો આ પાઠ જીવનમાં ઊતરવા લાગ્યો છે. જીવનની સાચી પ્રગતિ માત્ર ઊંચું પદ મેળવવામાં નથી; પોતાના અહંકારને ઓળખવામાં અને સાક્ષીભાવે જીવન જીવવામાં છે. દેહને ઓળખવો શરૂઆત છે, મનને સમજવું જાગૃતિ છે અને પોતાના અસ્તિત્વના સત્યની શોધ કરવી એ આત્મજ્ઞાન તરફની યાત્રા છે.

ક્રમશઃ...

આગામી અધ્યાય ૧૪ ગુણત્રય વિભાગ યોગ માં આપણે જાણીશું

'આપણો સ્વભાવ કોણ નક્કી કરે છે? સત્ત્વ, રજસ અને તમસ ગુણો શું છે? અને આ ત્રણેય ગુણોની માયામાંથી મુક્ત થઈને પરમ આનંદ કેવી રીતે પામી શકાય?'

**દર્શના પટેલ**

**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# દિલ્હી દરબારનો માસ્ટરસ્ટ્રોક: હવે આંદોલન કે વિરોધપ્રદર્શન માટે રસ્તાઓ બ્લોક નહીં થાય, કેન્દ્ર સરકારે કમિટી બનાવી વૈકલ્પિક સ્થળો નક્કી કરવા કમર કસી લીધી!

નવી દિલ્હી

દેશની રાજધાની દિલ્હી અને દેશભરમાં થતા વિરોધપ્રદર્શનો, રેલીઓ અને લાંબા સમય સુધી ચાલતા ધરણાંના કારણે સામાન્ય પ્રજાને પડતી હાલાકી અને ટ્રાફિકની ટોર્ચર સામે કેન્દ્ર સરકાર હવે એક્શન મોડમાં આવી ગઈ છે. ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા નાગરિકો અને સંગઠનોના વિરોધપ્રદર્શન તેમજ ધરણાં માટે ખાસ વૈકલ્પિક સ્થળો (ડિઝિગ્નેટેડ સ્પોટ્સ) નક્કી કરવા માટે એક ઉચ્ચસ્તરીય વિશેષ કમિટીની રચના કરવામાં આવી છે. પ્રજાના અધિકારો અને ટ્રાફિક મેનેજમેન્ટ વચ્ચે સંતુલન સાધવા માટેના આ મોટા નીતિગત પગલાથી રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.




## શા માટે લેવાયો આ કડક નિર્ણય?

છેલ્લા કેટલાક વર્ષોમાં વિવિધ માંગણીઓ સાથે થતા આંદોલનો અને હાઈવે કે મુખ્ય માર્ગો પર બેસી જવાના કારણે લાખો વાહનચાલકો અને સામાન્ય જનતા ટ્રાફિક જામની નરક જેવી સ્થિતિમાં ફસાઈ જાય છે. આર્થિક ગતિવિધિઓને થતું નુકસાન અને એમ્બ્યુલન્સ જેવા ઈમરજન્સી વાહનોની અવરજવરમાં થતી ગંભીર અડચણોને ધ્યાનમાં રાખીને ગૃહ મંત્રાલયે આ ગંભીર મુદ્દા પર લગામ કસવા માટે મક્કમ મન બનાવી લીધું છે. હવે અચાનક ગમે ત્યાં રસ્તા રોકીને બેસી જવાની મનમાની સામે સકંજો કસાશે.

## કમિટી શું કામ કરશે?

ગૃહ મંત્રાલય દ્વારા રચવામાં આવેલી આ વિશેષ કમિટી દેશના મહત્વના શહેરો અને રાજધાનીમાં વિરોધ પ્રદર્શનો માટે ચોક્કસ જગ્યાઓ (વૈકલ્પિક સ્થળો) નક્કી કરવા માટેનું બ્લૂપ્રિન્ટ તૈયાર કરશે. આ સ્થળો પર વિરોધ પ્રદર્શન માટે તમામ મૂળભૂત સુવિધાઓ જેવી કે લાઉડસ્પીકરની મર્યાદા, પાર્કિંગ અને સુરક્ષા વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી લોકશાહીમાં અવાજ પણ ઉઠાવી શકાય અને સામાન્ય જનતાના જીવનમાં પણ ખલેલ ન પહોંચે.

## લોકશાહીના હક અને વ્યવસ્થા વચ્ચેનો જંગ

એક તરફ જ્યાં વિપક્ષી દળો અને સામાજિક સંગઠનો સરકારના આ પગલાને પ્રજાના વિરોધ કરવાના મૌલિક અધિકાર પર કાપ મૂકવાનો પ્રયાસ ગણાવી રહ્યા છે, તો બીજી તરફ સામાન્ય નાગરિકો અને વેપારી વર્ગ દ્વારા આ નિર્ણયને આવકારવામાં આવી રહ્યો છે. હવે જોવાનું એ રહે છે કે આ કમિટીના રિપોર્ટ બાદ વિરોધ પ્રદર્શનોના નિયંત્રણ માટે સરકાર કયા કડક નિયમો લાગુ કરે છે.

# અમીર દેશોના સૌથી ગરીબ 10% લોકો ભારતના 10% અમીરો કરતાં વધુ પૈસાદાર: વર્લ્ડ બૅન્કનો રિપોર્ટ

આપણે હંમેશાં માનીએ છીએ કે ભારતના ટોચના 10 ટકા ધનિક વર્ગ પાસે વૈભવી જીવન અને ઉચ્ચ જીવનધોરણ છે. પરંતુ જ્યારે આ આંકડાઓની સરખામણી વૈશ્વિક સ્તર સાથે કરવામાં આવે ત્યારે એક ચોંકાવનારી વાસ્તવિકતા સામે આવે છે. વિશ્વબૅંકના વર્ષ 2026ના 'પૉવર્ટી એન્ડ ઈનઈક્વાલિટી પ્લેટફોર્મ'ના તાજા ડેટા અનુસાર, વિશ્વના કેટલાક સૌથી સમૃદ્ધ દેશોના સૌથી ગરીબ 10 ટકા લોકોની આવક કે વપરાશ સ્તર ભારતના સૌથી ધનિક 10 ટકા લોકો કરતાં પણ વધુ છે!

આ કોઈ માત્ર આંકડાકીય તુલના નથી, પરંતુ ભારતની આવક વ્યવસ્થા, ઉત્પાદકતા અને લાંબા ગાળાના આર્થિક ભવિષ્ય સામે ઊભો થયેલો મોટો પડકાર છે.

વિશ્વબૅંકના અહેવાલ મુજબ, ભારતમાં સૌથી ગરીબ 10 ટકા લોકો માટે દૈનિક આવક અથવા વપરાશ મર્યાદા પ્રતિ વ્યક્તિ આશરે 3 ડૉલર જેટલી છે. તેની સરખામણીમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં આ આંકડો 25 ડૉલર, કેનેડામાં 31 ડૉલર, તેમજ જર્મની અને ઑસ્ટ્રેલિયામાં 28 ડૉલર છે.

## ભારતમાં જેને ધનિક કહી શકાય તે અમેરિકા-કેનેડામાં 'ગરીબ'

વિતરણના બીજા છેડે એટલે કે ભારતના સૌથી ધનિક 10 ટકા લોકોની દૈનિક આવક કે વપરાશ મર્યાદા માત્ર 10 ડૉલર પ્રતિ વ્યક્તિ છે.

જ્યારે આ જ શ્રેણીના અમીર લોકો માટે આ આંકડો યુનાઈટેડ સ્ટેટ્સમાં 173 ડૉલર પ્રતિ દિવસ, કેનેડા અને ઑસ્ટ્રેલિયામાં 129 ડૉલર પ્રતિ દિવસ અને જર્મનીમાં 128 ડૉલર પ્રતિ દિવસ સુધી પહોંચે છે.

## ભારતમાં 80 હજારથી વધુ કમાણી કરતી વ્યક્તિ ટોચના 10 ટકામાં સામેલ

નોંધનીય છે કે, ભારતના આર્થિક સર્વેક્ષણ (Economic Survey of India) મુજબ જો કોઈ વ્યક્તિ દર મહિને રૂ. 80,000 કમાય છે, તો તે દેશના ટોચના 10 ટકા કમાણી કરનારાઓમાં સ્થાન મેળવી લે છે. છતાં પણ, વિશ્વના અદ્યતન અર્થતંત્રોના સૌથી નીચલા સ્તરે રહેલા લોકો કરતાં ભારતના આ ટોચના પરિવારોનું જીવનધોરણ ઘણું નીચું રહે છે.

# દિલ્હી પ્રદર્શન પર વર્લ્ડ મીડિયા રિએક્શન

## અલ-જઝીરાએ લખ્યું- મોદી માટે અત્યાર સુધીનો સૌથી મોટો પડકાર, NYTએ લખ્યું: વિપક્ષ એક્ટિવ-મોદીની છબીને ઝટકો

ભારતમાં SIR- CEC સામે વિરોધ-પ્રદર્શન ચાલુ છે. કોકરોચ જનતા પાર્ટી (CJP) અને વિપક્ષી પક્ષો મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી રહ્યા છે.

આ મામલાને દુનિયાભરના મીડિયા સંસ્થાનોએ મહત્ત્વ આપીને કવર કર્યો છે. NYT મુજબ, પોલીસની કાર્યવાહીને કારણે મોદીની લોકતાંત્રિક નેતા તરીકેની છબીને ઝટકો લાગ્યો છે.

અલ જઝીરા મુજબ, યુવા આંદોલન પાછળ હટવા તૈયાર નથી. વોશિંગ્ટન પોસ્ટ, CNN અને સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ જેવા આંતરરાષ્ટ્રીય મીડિયાએ પણ ટોચના સમાચારોમાં આ વિરોધ-પ્રદર્શનોને સ્થાન આપ્યું છે.

અમેરિકન અખબાર ન્યૂયોર્ક ટાઈમ્સ લખે છે કે ભારતમાં એક સમયે નબળો પડી ગયેલો વિપક્ષ હવે ફરી એક્ટિવ થતો દેખાઈ રહ્યો છે. વિપક્ષી દળો યુવાનોના આંદોલનથી ઊભી થયેલી રાજકીય જગ્યાનો લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યા છે.

અમેરિકન અખબાર વૉશિંગ્ટન પોસ્ટે લખ્યું કે ભારતમાં યુવાનોના વિરોધ-પ્રદર્શન વચ્ચે PM મોદી અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે ગુસ્સો વધી રહ્યો છે.

અમેરિકન અખબાર CNN લખે છે કે કેટલાંક અઠવાડિયાં સુધી ધરણાં અને માર્ચ ચાલ્યા બાદ જુલાઈમાં ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધું હતું. આ મોદી સરકાર માટે એક રાજકીય આંચકો હતો.

વિપક્ષી દળો પણ સરકારને આ પ્રકારનો આંચકો આપી શક્યા નહોતા. હવે મુખ્ય ચૂંટણી તમિશનર સામે થઈ રહેલું પ્રદર્શન CJP માટે એક પરીક્ષા છે.

હોંગકોંગના અખબાર સાઉથ ચાઈના પોસ્ટે લખ્યું છે કે મતદાર યાદીમાંથી આશરે 13 કરોડ નામો દૂર કરવામાં આવ્યાના સમાચાર બાદ વિરોધ વધુ ઉગ્ર બન્યો છે. પ્રદર્શનકારીઓનો આરોપ છે કે મતદાર યાદીમાં ફેરફારથી ભાજપને ફાયદો થઈ શકે છે.

અલ જઝીરાએ વિરોધ પ્રદર્શનને લઈને લખ્યું છે કે આ પીએમ મોદી અને તેમની સરકાર માટે અત્યાર સુધીના સૌથી ગંભીર પડકારોમાંના એક છે. ગયા અઠવાડિયે ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ બાદ વિરોધ વધુ ઉગ્ર બની ગયો.

અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે બે ચૂંટણી કમિશનરોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે મતદાર યાદીમાં કરેલા ફેરફારો પર સવાલ ઉઠાવ્યા હતા. આ ફેરફારોને કારણે મતદાર યાદીમાંથી લગભગ 13 કરોડ નામ હટાવી દેવામાં આવ્યા હતા.

ભાજપનું કહેવું છે કે ચૂંટણીમાં તેની સફળતા મોદી લોકપ્રિયતા અને ભારતની આર્થિક પ્રગતિ દર્શાવે છે. પાર્ટીએ વિપક્ષ પર ખોટી માહિતી ફેલાવવાનો આરોપ લગાવ્યો છે.

# દેશના રાજકારણમાં હાઇ-વોલ્ટેજ ડ્રામા: CJI સૂર્યકાંતનો રાહુલ ગાંધી અને મલ્લિકા અર્જૂન ખડગેને સપાટો, મુલાકાતની માંગ ફગાવીને સ્પષ્ટ કીધું– 'બંધારણીય મર્યાદાઓનું પાલન કરો!'

નવી દિલ્હી

ભારતીય રાજકારણ અને ન્યાયતંત્રમાંથી આ સમયના સૌથી મોટા અને સનસનાટીભર્યા સમાચાર સામે આવ્યા છે. દેશના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતે ૧૧ ઑક્ટોબરના રોજ રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને એક સત્તાવાર પત્ર પાઠવ્યો છે. ચૂંટણી પંચની કામગીરી, મતદાર યાદીમાં કથિત ગરબડ અને વિરોધ પ્રદર્શનો વચ્ચે વિપક્ષી નેતાઓ દ્વારા મુલાકાત માટે માંગવામાં આવેલો સમય CJI દ્વારા ફગાવી દેવામાં આવતા રાજકીય ગલિયારોમાં જબરદસ્ત ભૂકંપ સર્જાયો છે।

સત્તાના સમીકરણો વચ્ચે CJI નો કડક સંદેશ: 'વિચારણા અયોગ્ય અને મર્યાદા વિરુદ્ધ!' વિપક્ષના બંને દિગ્ગજ નેતાઓ રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેએ ચૂંટણી પંચ સામેના વિવાદ, વિદ્યાર્થીઓની અટકાયતો, મેટ્રો સ્ટેશન અને ટ્રેનોના બંધ થવા જેવા



મુદ્દાઓ પર મેમોરેન્ડમ સોંપવા માટે CJI પાસે સોમવારે મુલાકાતનો સમય માંગ્યો હતો. પરંતુ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે પોતાના પત્રમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે જે મુદ્દાઓ પર ચર્ચા કરવા માગો છો, તે પહેલેથી જ સુપ્રીમ કોર્ટમાં સબ-જ્યુડિસ (વિચારણા હેઠળ) છે. CJI એ પોતાના પત્રમાં ભારપૂર્વક જણાવ્યું છે કે, જે મામલાઓ પહેલેથી જ અદાલતમાં પેન્ડિંગ છે, તે અંગે વહીવટી સ્તરે બેઠક યોજવી એ ભારતીય બંધારણના પાયાના સિદ્ધાંત સમાન 'શક્તિના વિભાજન' (Separation of Powers) ની વિરુદ્ધ છે અને ન્યાયિક મર્યાદા (Judicial Propriety) સાથે સુસંગત નથી. 'સુપ્રીમ કોર્ટના દરવાજા ખુલ્લા છે, કાયદેસરની અરજી કરો!' મુખ્ય ન્યાયાધીશે વિપક્ષી નેતાઓને સ્પષ્ટ ટકોર કરી છે કે જો તેમને કોઈ ગંભીર વાંધો કે અરજી હોય, તો તેઓ પદ્ધતિસર કાનૂની માર્ગ અપનાવી શકે છે. CJI એ જણાવ્યું હતું કે, યોગ્ય પ્રક્રિયા મુજબ ફિઝિકલી અથવા ઈ-ફાઈલિંગ દ્વારા સત્તાવાર અરજી દાખલ કરવામાં આવે, તો કોર્ટ દ્વારા કાયદાકીય જોગવાઈ મુજબ વહેલી તકે તેની સુનાવણી હાથ ધરવામાં આવશે. એક તરફ વિપક્ષ 'વોટ ચોરી' અને ચૂંટણી પંચ સામે આક્રમક આંદોલન ચલાવી રહ્યો છે, ત્યારે દેશના મુખ્ય ન્યાયાધીશ દ્વારા લેવાયેલા આ કડક અને સ્પષ્ટ વલણથી રાષ્ટ્રીય રાજકારણમાં નવો જ ઘમાસાણ મચી ગયો છે.




પાક્કો ગુજરાત

મંગળવાર | 13 ઓક્ટોબર 2026 | અમદાવાદ

# જેતપુરના ઔદ્યોગિક ગંદા પાણીની ડીપ-સી પાઇપલાઇન સામે ઘેડ પંથકમાં ચિંતાના વાદળો: ઉચ્ચ કક્ષાએ થઈ રજુઆત

## ખેડૂતો, માછીમારો અને પર્યાવરણના હિતમાં તાત્કાલિક કામ બંધ કરી તપાસ કરવાની એડવોકેટ ભનુભાઈ ઓડેદરાની સરકાર સમક્ષ રજૂઆત

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

જેતપુરના ડાઈંગ-પ્રિન્ટિંગ ઉદ્યોગોમાંથી નીકળતા ઔદ્યોગિક ગંદા પાણીના નિકાલ માટે પોરબંદર જિલ્લાના ઘેડ વિસ્તારનાં ગામોમાંથી પસાર થતી અને નવીબંદર નજીક અરબી સમુદ્રમાં પાણી છોડવા માટેની પ્રસ્તાવિત ડીપ-સી પાઈપલાઈન યોજનાને લઈને સ્થાનિક ખેડૂતો, માછીમારો અને ગ્રામજનોમાં ચિંતા વ્યક્ત થઈ રહી છે.

આ મામલે પોરબંદરના એડવોકેટ ભનુભાઈ નાગાભાઈ ઓડેદરાએ વડાપ્રધાન, ગુજરાતના મુખ્યમંત્રી, કેન્દ્રીય પર્યાવરણ મંત્રી, ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેન, પોરબંદર જિલ્લા કલેક્ટર સહિતના સંબંધિત સત્તાધિકારીઓને લેખિત રજૂઆત કરીને યોજનાની તાત્કાલિક તપાસ કરવા અને તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી વિવાદાસ્પદ કામગીરી બંધ કરાવવા કાયદેસર પગલાં લેવાની માગણી કરી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, આ પાઈપલાઈનનો પ્રસ્તાવિત માર્ગ પસવારી, કસાબડ, ભોગસર, છત્રાવા, મિત્રાળા, ભડ, નવાગામ અને રાજપર સહિતનાં ગામોના વિસ્તારોમાંથી પસાર થઈ નવીબંદર નજીક અરબી સમુદ્ર સુધી પહોંચતો હોવાની માહિતી સામે આવી છે. જોકે, પાઈપલાઈનના વાસ્તવિક માર્ગ, સંબંધિત ગામો અને કામગીરીની વર્તમાન સ્થિતિની સત્તાવાર નકશા તથા સરકારી દસ્તાવેજોના આધારે ખરાઈ કરવાની માગણી કરવામાં આવી છે.

એડવોકેટ ભનુભાઈ ઓડેદરાએ રજૂઆતમાં જણાવ્યું છે કે આ યોજના માત્ર ઔદ્યોગિક પાણીના નિકાલ પૂરતી મર્યાદિત નથી, પરંતુ ઘેડ વિસ્તારની ખેતી, પશુપાલન, ભૂગર્ભજળ, કુદરતી જળસ્ત્રોતો અને દરિયાઈ જીવસૃષ્ટિ સાથે સંકળાયેલો સંવેદનશીલ વિષય છે. ઔદ્યોગિક ગંદા પાણીમાં રંગ-રસાયણો, ક્ષાર, ભારે ધાતુઓ અથવા અન્ય પ્રદૂષકોનું પ્રમાણ નિર્ધારિત મર્યાદાથી વધુ હોય કે શુદ્ધિકરણની પ્રક્રિયા યોગ્ય રીતે ન થતી હોય, તો પર્યાવરણને નુકસાન થવાની સંભાવનાની વૈજ્ઞાનિક તપાસ થવી જરૂરી છે.

પાઈપલાઈનમાં લીકેજ, તૂટફૂટ અથવા અન્ય કોઈ ખામી સર્જાય તો ઔદ્યોગિક પાણી જમીનમાં ભળવાથી ખેતીની જમીન, કૂવા, બોરવેલ, તળાવો અને અન્ય જળસ્ત્રોતો પર થનારી સંભવિત અસરોનું પણ મૂલ્યાંકન કરવાની માગણી કરવામાં આવી છે.

નવીબંદર સહિતના દરિયાકાંઠાના વિસ્તારોમાં અનેક પરિવારો માછીમારીના વ્યવસાય પર નિર્ભર છે. અરબી સમુદ્રમાં છોડવામાં આવનારા પાણીની ગુણવત્તા યોગ્ય ન હોય તો દરિયાઈ પાણી, માછલીઓ, જળચર જીવો અને માછલીઓનાં પ્રજનન ક્ષેત્રો પર થનારી સંભવિત અસરો અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. દરિયાઈ પર્યાવરણને નુકસાન થાય તો માછીમારોની આજીવિકા અને તેમની આર્થિક સ્થિતિ પર પણ અસર પડી શકે છે.

આથી અસરગ્રસ્ત માછીમારો, ખેડૂતો, ગ્રામ પંચાયતો અને સ્થાનિક નાગરિકોને વિશ્વાસમાં લઈને તેમની રજૂઆતો સાંભળ્યા બાદ જ કાયદેસર પ્રક્રિયા મુજબ નિર્ણય લેવામાં આવે તેવી માગણી કરવામાં આવી છે. રજૂઆતમાં પાઈપલાઈન યોજનાનો વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ, સમગ્ર રૂટનો સત્તાવાર નકશો, પાઈપલાઈનની લંબાઈ, જમીન સંબંધિત વિગતો, દરિયામાં પાણી છોડવાના સ્થળ અને દરરોજ છોડાનારા પાણીના પ્રમાણની માહિતી જાહેર કરવાની માગ કરવામાં આવી છે.

આ ઉપરાંત, ઔદ્યોગિક ગંદા પાણીના શુદ્ધિકરણ માટે ઉપયોગમાં લેવાતી કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP)ની ક્ષમતા, શુદ્ધિકરણની કાર્યક્ષમતા, પાણીમાં રહેલા પ્રદૂષકોનું પ્રમાણ અને ઓનલાઈન મોનિટરિંગના આંકડાઓની સ્વતંત્ર તપાસ કરવા જણાવાયું છે.

# નવરાત્રિ હવે વ્યાવસાયિક બની ગઈ છે...

હાલોલ, યોગેશભાઈ આર જોષી

અગાઉના સમયમાં શેરી ગરબાની પ્રથા અમલમાં હતી. ફળિયા કે શેરીમાં સાફસફાઈ અને ધજાના તોરણો બાંધી શેરી શણગારવામાં આવતી હતી અને મધ્યમાં લાકડાની માંડવી મૂકવામાં આવતી હતી અને પોળ કે શેરીની બહેનો ભેગી મળીને માંડવીની આસપાસ ફરતે ગરબા રમતી હતી. હવે આધુનિક સમયમાં શેરી ગરબાનું સ્થાન મોટા મોટા મેદાનો કે પાર્ટી પ્લોટોએ લઈ લીધું છે. આ વિશાળ જગ્યામાં ભવ્ય લાઈટિંગ અને અલગ અલગ પ્રકારનું ડેકોરેશન કરે છે. મોટા મોટા જાહેરાતોના બોર્ડ, હોર્ડીંગ્ઝ કે બેનરો લગાડવામાં આવે છે. આગળ પાછળ ખાણીપીણી અને આઈસક્રીમના સ્ટોલો ઉભાં કરવામાં આવે છે. ગરબા ગાવા માટે પ્રોફેશનલ ગરબા ગ્રૂપ, ગાયકો અને એમનાં સાજીંદાઓને બોલાવવામાં આવે છે અને એનાં માટે ભવ્ય સુશોભિત સ્ટેજ તૈયાર કરવામાં આવે છે. ગરબા ગાવાવાળા ભાઈઓ તથા બહેનોએ



ટ્રેડમાર્કવાળા વસ્ત્રો તથા આભૂષણો પહેરેલાં હોય તો જ ગરબા ગાવાની પરવાનગી આપવામાં આવે છે. જે વ્યક્તિઓને ગરબા જોવાની ઈચ્છા હોય તો પૈસા ખર્ચીને પાસ લેવા પડે છે. આ બધાં ખર્ચાને પહોંચી વળવા માટે ગરબાના આયોજકો ગરબાનું ફંડ એકત્ર કરવા માટે પાવતીઓ છપાવે છે અને દુકાનદારો પાસેથી નાણાં મેળવવા માટે જબરદસ્તી ધાક ધમકી અને દબાણ કરે છે. દરેક ઘરે જઈને તથા રસ્તામાં જતાં આવતાં લોકો પાસેથી પૈસા પડાવે છે. આયોજકો વિવિધ સ્ટોલોવાળા પાસેથી દસ દિવસનું ભાડુ વસૂલ કરવામાં આવે છે તેથી આ કસરને ભરપાઈ કરવા માટે સ્ટોલોવાળા પબ્લિક પાસેથી ડબલ ભાવ લે છે. માતાજીના ગરબાના નામે ફિલ્મી ધૂનોની ઉપર ડાન્સ કરવામાં આવે છે, છોકરીઓ કટ સાઈઝના બ્લાઉસ અને બેકલેસ ચોલી પહેરે છે. ગરબા રાત્રે દશ વાગ્યા પછી શરૂ કરવામાં આવે છે. ક્યારેક સ્ત્રીઓ પર બળાત્કાર કે છેડતી જેવાં બનાવો બને છે.

હવે નવરાત્રિ એ એશ આરામ અને ઐય્યાસીનું પર્વ બની ગયું છે. ગરબાનાં નામે મોડાં સુધી હરવું ફરવું, ખાવું પીવું અને મોજમજા કરવી એ ગરબાનાં ભાગરૂપે થઈ ગયું છે. ગરબાના નામે આયોજકોને ઘી કેળાં થઈ જાય છે. આમ બધું જ હવે વ્યાવસાયિક બની ગયું છે અને ગરબા તો માત્ર ફારસરૂપ બની ગયાં છે.

# સિનિયર શિક્ષકોની ફરજિયાત એચ-ટાટ બદલી સામે કચ્છમાં વિરોધના સૂર

ભચાઉ, રૂપેશ સોલંકી

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સિનિયર પ્રાથમિક શિક્ષકોની ફરજિયાત બદલીની કામગીરીને લઈને શિક્ષકોમાં નારાજગી જોવા મળી રહી છે. સિનિયર પ્રાથમિક શિક્ષકોને માત્ર સિનિયોરિટીના ધોરણે એચ-ટાટ આચાર્ય તરીકે ફરજિયાત બદલી આપવાની તૈયારી સામે શિક્ષકોમાં અસંતોષ ફેલાયો છે.

શિક્ષકોના જણાવ્યા અનુસાર, આ પ્રકારની કામગીરી અન્યાયપૂર્ણ હોવા ઉપરાંત શિક્ષણના હિતમાં પણ અવરોધરૂપ બની શકે છે. સિનિયર શિક્ષકોને તેમની લાગણી અને પરિસ્થિતિ વ્યક્ત કરવાની તક આપ્યા વિના દૂરના વિસ્તારોમાં ફરજ બજાવવા મોકલવાની શક્યતાને કારણે ચિંતા વધી છે.

સિનિયર શિક્ષકોએ જણાવ્યું હતું કે, તેમની નિવૃત્તિને હવે થોડાં વર્ષો જ બાકી હોય ત્યારે ફરજિયાત બદલી કરીને અન્યત્ર શાળામાં જવા મજબૂર કરવાથી અનેક મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે.

ખાસ કરીને દુર્ગમ ગ્રામ્ય વિસ્તારોમાં સેવા બજાવીને સિનિયોરિટીના ધોરણે શહેર કે વતનની નજીક ફરજ બજાવવાની આશા રાખતા શિક્ષકોને ફરીથી દૂર મોકલવાની સ્થિતિ ઊભી થાય તો તેમની મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે.

શિક્ષકોનું કહેવું છે કે, ફરજિયાત બદલીની પ્રક્રિયામાં વહીવટી મુશ્કેલીઓ ઉપરાંત પરિવારની જવાબદારીઓ અને નિવૃત્તિ નજીક હોવાના સંજોગોને પણ ધ્યાનમાં લેવા જોઈએ. અન્યત્ર બદલી થતાં શિક્ષકોને નવી જગ્યાએ સ્થાયી થવા અને પરિવારની વ્યવસ્થા જાળવવામાં મુશ્કેલી પડી શકે છે.

ખાસ કરીને મહિલા શિક્ષિકાઓની સ્થિતિને ધ્યાનમાં રાખીને સંવેદનશીલ અભિગમ અપનાવવાની માગ ઊઠી છે. સિનિયર શિક્ષકો પ્રત્યે સંવેદનશીલતા દાખવી, તેમની વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી રહી છે.

શિક્ષણના હિતમાં યોગ્ય અને વ્યવહારુ નિર્ણય લેવાય તથા સિનિયર શિક્ષકોની ફરજિયાત એચ-ટાટ બદલી અંગે તેમની રજૂઆતોને ગંભીરતાથી સાંભળવામાં આવે તેવી માગ સાથે રાજ્યભરના શિક્ષક સંઘો દ્વારા પણ વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

# રાજપીપલામાં મેડિકલ સ્ટોર પર પોલીસનું સર્ચ ઓપરેશન, નશાકારક દવાઓના ગેરકાયદે વેચાણ પર નજર

રાજપીપલા



નર્મદા જિલ્લાના રાજપીપલા શહેરમાં નશાકારક દવાઓના ગેરકાયદેસર વેચાણ પર અંકુશ લાવવા એસઓજી અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા વિવિધ મેડિકલ સ્ટોર પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ વડાની સૂચનાથી હાથ ધરાયેલા આ સર્ચ ઓપરેશન દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન આવતાં પોલીસને રાહત મળી હતી. મેડિકલ સ્ટોરમાં નશાકારક દવાઓનું ગેરકાયદેસર વેચાણ થતું હોય તો તેની સામે કડક કાર્યવાહી કરવાના હેતુથી એસઓજીની ટીમે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓ સાથે મળીને તપાસ કરી હતી. જોકે, તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. બીજી તરફ, નર્મદા જિલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓની કાયમી નિમણૂકનો અભાવ પણ સામે આવ્યો છે. સ્થાનિક સ્તરે અધિકારીઓ ઉપલબ્ધ ન હોવાથી તપાસ માટે ભરૂચથી અધિકારીઓની ટીમ બોલાવવાની ફરજ પડી હતી. નર્મદા જિલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓની નિમણૂક થાય તે માટે આગામી દિવસોમાં સરકારને જાણ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. હવે જિલ્લામાં કાયમી અધિકારીઓની નિમણૂક ક્યારે થાય છે અને ગેરકાયદેસર દવાઓના વેચાણ પર નિયંત્રણ માટે તંત્ર કેટલું સક્રિય બને છે તે જોવું રહ્યું.

# રાધનપુરમાં SMCની મોટી કાર્યવાહી: રૂ.33.69 લાખનો વિદેશી દારૂ, વાહન સહિતનો મુદ્દામાલ કબજે

પાટણ

સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા પાટણ જિલ્લાના રાધનપુર પોલીસ સ્ટેશનની હદમાં ગોચનાદ ગામ, રાધનપુર-સમી રોડ પર બનાસ નદીના બ્રિજ પાસે તથા રાધનપુર ચાર રસ્તા નજીક દરોડા પાડવામાં આવ્યા હતા. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એસ. ત્રિવેદીની આગેવાની હેઠળની કાર્યવાહીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન આશરે ૧૦૦ પેટી, ૩,૮૭૧ બોટલ વિદેશી દારૂ અને બીયર, જેની કિંમત રૂ. ૮,૬૯,૯૧૩ થાય છે, તે ઉપરાંત એક વાહન અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૩૩,૬૯,૯૧૩નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ કેસમાં જાસણવાડા, જિલ્લા બનાસકાંઠાના મુકેશજી જોગાજી ઠાકોર ઉર્ફે મુકો સહિત કુલ સાત આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. તેમાં દારૂ ભરેલી ફોર્ચ્યુનર કારનો ડ્રાઈવર અને ક્લીનર, પાયલોટિંગ કરતી ક્રેટા કારનો ડ્રાઈવર અને ક્લીનર તથા દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનારનો સમાવેશ થાય છે.

આ મામલે રાધનપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ, ભારતીય ન્યાય સંહિતા તથા મોટર વ્હીકલ એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો છે. વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.




# નબીપુર-ઝનોર માર્ગ પર એક્ટિવા-બાઈક વચ્ચે અકસ્માત, પતિ-પત્ની સહિત ત્રણનાં મોત



ભરૂચ

ભરૂચ તાલુકાના નબીપુર-ઝનોર માર્ગ પર એક્ટિવા અને બાઈક વચ્ચે સામસામે થયેલા ગમખ્વાર અકસ્માતમાં ત્રણ વ્યક્તિનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. અકસ્માતને પગલે વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

અકસ્મતમાં ઝનોર ગામના સતીશ વસાવા અને તેમનાં પત્ની જ્યોત્સનાબેન વસાવાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે સામેથી આવી રહેલા વાહનના ચાલક ઝઘડિયાના રાહુલ વસાવાનું પણ ગંભીર અકસ્માતમાં કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

અકસ્મતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલી અન્ય એક વ્યક્તિને સારવારની જરૂર પડી હતી. અકસ્માતની જાણ થતાં જ નબીપુર પોલીસ મથકનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને આગળની તપાસ હાથ ધરી હતી.

પોલીસે ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. એક જ અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત થતાં મૃતકોના પરિવારોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

### રાજકોટમાં પરંપરાગત નવરાત્રિની ભવ્ય ઉજવણી

# જીવનનગરની પ્રાચીન ગરબી 45મા વર્ષે ખીલી, પ્રથમ નોરતે ઉમટ્યો માનવ મહેરામણ

## દાતાઓના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે મહોત્સવનો પ્રારંભ; ત્રણ ગ્રૂપની બાળાઓએ રાસ-ગરબાથી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા, પરંપરાનો વારસો જાળવતી સમિતિ

રાજકોટ

જીવનનગર વિકાસ સમિતિ, નવરાત્રિ મહોત્સવ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવ ધામ સમિતિ, મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે જીવનનગર પ્રાચીન ગરબીનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. રહીશ દાતાઓને હસ્તે મહોત્સવ ખુલ્લું મુકવામાં આવ્યું હતું. પ્રથમ નોરતે માનવ મહેરામણ ઉમટી પડી હતી. જીવનનગરમાં ૪૫ મા વર્ષે મહોત્સવ ખુલ્લું મુકવામાં દાતાઓ ભરતભાઈ જોબનપુત્રા, વિપુલભાઈ દવે, જગદીશભાઈ નિમાવત, વૈશાલીબેન જોબનપુત્રા, પૂજાબેન દવે, સોનલબેન નિમાવતના હસ્તે રીબીન કાપી, દિપ પ્રાગ્ટય કરી પ્રારંભ કરવામાં આવ્યો હતો. સમિતિના પ્રમુખ-એડવોકેટ જયંત પંડયાએ મહેમાનોનું સ્વાગત કરી જણાવ્યું કે ૪૫ વર્ષથી સતત પ્રાચીન ગરબીનું હાર્દ જાળવી રાખવામાં આવ્યું છે. બાળાઓના કૌશલ્યને ધ્યાનમાં લેવામાં આવે છે. ત્રણ ગ્રુપની બાળાઓ રાસ-ગરબા રજૂ કરી લોકોને મંત્રમુગ્ધ કરે છે. પરિવાર સાથે આવવાનું લોકો પસંદ કરે છે. ગરબીના મુખ્ય વ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ, નેહાબેન મહેતા, પાર્થ ગોહેલ નવરાત્રિ મહોત્સવમાં



માતાજીનો શણગાર, મહાઆરતી, દિપમાલા, રોશની સહિત રાસ-ગરબાને બેનમૂન બનાવી રહીશોના દિલ જીતી લીધા હતા. પ્રથમ નોરતે મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી બાળાઓને પ્રોત્સાહિત કર્યા હતા. મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, શોભનાબેન ભાણવડિયા, યોગિતાબેન જોબનપુત્રા, હર્ષાબેન પંડયા, ભારતીબેન ગંગદેવ, નેહાબેન મહેતા, કીર્તિબેન કગથરા, ભક્તિબેન ખખ્ખર, આશાબેન મજેઠીયા, બાળાઓને રાસ-ગરબાની તાલિમ આપી રાસ-ગરબામાં કામગીરી સુપેરે નિભાવ હતી.

# શિનોર તાલુકામાં કોલસા આધારિત સુપર ક્રિટિકલ પાવર પ્લાન્ટ બનાવવાના હેતુ માટે જમીન સંપાદન કાર્યવાહી શરૂ

## શિનોર તાલુકાના માંજરોલ ગામે કુલ 231 ખાતા નંબરના કબજેદાર ખેડૂત માલિકોનો નામો જાહેર

સાધલી, હસમુખ પટેલ

નાયબ કલેકટર કરજણ દ્વારા શિનોર તાલુકાના અમુક ગામોમાં કોલસા આધારિત 2 x 800 મેગા વોટ સુપર ક્રિટિકલ પાવર પ્લાન્ટ બનાવવાના જાહેર હેતુ માટે જમીન સંપાદન પુન:સ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વળતર અને પારદર્શકતાનું જાહેરનામું તારીખ 21 સપ્ટેમ્બર 2026 ના રોજ બહાર પાડેલ છે.



શિનોર તાલુકાના મીઠોળ ગામ ઉપરાંત તાજેતરમાં માંજરોલ મુકામે સંપાદક સંસ્થા ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ અને પ્રોજેક્ટ કોલસા આધારિત 2 x 800 મેગાવટ સુપર ક્રિટિકલ પાવર પ્લાન્ટ બનાવવાના જાહેર હેતુ માટે કુલ 231 ખેતર માલિકોના નામો અને નવા તથા જુના સર્વે નંબર તથા સીમાંકન સાથે યાદી બહાર પાડેલ છે.

જેમાં નવા સર્વે નંબર ,જુના સર્વે નંબર તથા જગ્યાનુ સીમાંકન , સંપાદન કરવાની જમીન નું માપ તથા જમીનના કબજેદારોના નામો દર્શાવેલ છે.

### પ્રથમ નોરતે પોલીસ હેડક્વાર્ટર ખાતે

# જિલ્લા પોલીસ વડાના હસ્તે આરતી સાથે નવરાત્રિની ભવ્ય શરુઆત

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લા તંત્રમાં ધાર્મિક વાતાવરણ અને સેવાભાવી પ્રવૃત્તિના લખાણવા લાયક કાર્યક્રમો કરી રાષ્ટ્રવાદી અને માનવતા વાદી જિલ્લા પોલીસ અધિક્ષક આઈપીએસ અધિકારી ઈમ્તિયાઝભાઈ શેખ દ્વારા સમાજને એકતાનો શુભ સંદેશ પાઠવવામાં આવી રહ્યો છે જ્યારે દરેક સમાજના વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં રસ પૂર્વક ભાગ લઈ એકતા અને ભાઈચારો વધે તે માટે પ્રયત્ન કરી રહ્યા છે જે સમગ્ર જિલ્લા સહિત રાજ્યમાં ખૂબજ વખાણવા લાયક બાબત છે.



આદ્યાશક્તિ જગદંબાની આરાધના અને ઉત્સવના પાવન પર્વ 'નવરાત્રિ'નો શુભ પ્રારંભ થઈ ચૂક્યો છે. સમગ્ર રાજ્ય સાથે છોટાઉદેપુર જિલ્લામાં પણ ભક્તિમય અને ઉત્સાહસભર માહોલ જોવા મળી રહ્યો છે. નવરાત્રિના પ્રથમ નોરતે છોટાઉદેપુર પોલીસ હેડક્વાર્ટર ખાતે એક વિશેષ અને ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં છોટાઉદેપુર જિલ્લા પોલીસ વડા ઈમ્તિયાઝભાઈ શેખ (IPS) દ્વારા મા અંબાની પૂજા-અર્ચના કરી ભવ્ય આરતીનો લાભ લેવામાં આવ્યો હતો અને નોરતાની શુભ શરૂઆત કરાવવામાં આવી હતી. આદ્યાશક્તિની આરાધનાના આ મહાપર્વે છોટાઉદેપુર પોલીસ પરિવાર પણ ભક્તિના રંગે રંગાયો છે. નવરાત્રિના પ્રથમ દિવસે છોટાઉદેપુર પોલીસ હેડક્વાર્ટર ખાતે ભક્તિભાવપૂર્વક માતાજીની આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ વડા ઈમ્તિયાઝ શેખ (IPS) એ માં શક્તિના ચરણોમાં સીસ નમાવી, દીપ પ્રજ્વલિત કરી આરતી કરી હતી અને સમગ્ર જિલ્લામાં શાંતિ, સુરક્ષા અને સુખ-સમૃદ્ધિ રહે તેવી પ્રાર્થના કરી હતી. આ ઉપરાંત અન્ય પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ હેડક્વાર્ટર ખાતે રહેતા પોલીસ પરિવારના સભ્યો અને બાળકો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આરતી બાદ સૌએ એકબીજાને નવરાત્રિ પર્વની શુભકામનાઓ પાઠવી હતી અને ભક્તિમય વાતાવરણમાં નોરતાની મંગલ શરૂઆત કરી હતી.



### ઈમરાન ખાન સીજેપીની તરફેણમાં ઉતર્યો ત્યારે તનિષાએ પણ સવાલો ઊભા કર્યા

# સરકારને સમર્થન તો અંધભક્ત, વિરોધ કરો તો ફૂલ!: તનિષા મુખર્જી

મુંબઇ

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે દેશભરમાં ચાલી રહેલા કોકરોચ જનતા પાર્ટી (CJP)ના વિરોધ પ્રદર્શન વચ્ચે અભિનેત્રી તનિષા મુખર્જીની સોશિયલ મીડિયા પોસ્ટ ચર્ચામાં આવી છે. અભિનેત્રી કાજોલની બહેન તનિષાએ કેટલાક શિક્ષિત અને પોતાને ઉચ્ચ વર્ગના માનતા હિન્દુઓની વિચારસરણી પર સવાલ ઉઠાવ્યા છે. જોકે, તેમણે પોતાની પોસ્ટમાં CJPના આંદોલનનો સીધો ઉલ્લેખ કર્યો નથી. આ આંદોલનને લઈને બોલીવુડ બે ભાગમાં વહેંચાઈ ગયું છે. એક તરફ ઈમરાન ખાન સીજેપીની તરફેણમાં ઉતર્યો હતો જ્યારે તનિષાએ પણ સવાલો ઊભા કર્યા છે.

તનિષાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું કે, કેટલાક કથિત શિક્ષિત અને ઉચ્ચ વર્ગના હિન્દુઓની 'આંધળી નફરત' જોઈને તેઓ આશ્ચર્યચકિત છે. તેણે આરોપ લગાવ્યો કે આવા લોકોની માનસિકતા પર બ્રિટિશ શાસનનો પ્રભાવ હજુ પણ જોવા મળે છે. તેણે લખ્યું કે જો કોઈને લંડન અને અમેરિકા એટલાં જ પસંદ હોય, તો તેમણે ત્યાં જવું જોઈએ, કારણ કે દેશને નીચો દેખાડવાનો પ્રયાસ કરનારા લોકોની અહીં જરૂર નથી. તનિષાએ પોતાની પોસ્ટમાં સરકારના સમર્થકો અને ટીકાકારોને અલગ રીતે જોવાની માનસિકતા પર પણ સવાલ ઉઠાવ્યો હતો. તેમણે લખ્યું કે જો કોઈ સરકારને સમર્થન આપે તો તેને 'અંધભક્ત' અને અભણ કહેવામાં આવે છે, પરંતુ જો કોઈ અમેરિકા અને જર્મનીમાંથી દેશને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહેલા જૂથોને સમર્થન આપે તો તેને 'કૂલ' અને જાગૃત માનવામાં આવે છે. આ સાથે તેમણે લોકોને દરેક બાબતને તર્ક અને તથ્યોના આધારે સમજવાની અપીલ કરી હતી

તનિષાએ સ્વીકાર્યું કે દેશમાં અનેક સમસ્યાઓ છે, પરંતુ પરિવર્તન આવતાં સમય લાગે છે. તેમણે છેલ્લા 10 વર્ષમાં થયેલી પ્રગતિ પર પણ ધ્યાન આપવા જણાવ્યું હતું. તેમના મતે, લોકોના વિચારો અને માનસિકતાને પ્રભાવિત કરવાની સ્પર્ધા ચાલી રહી છે. તેમણે લોકોને મીડિયાથી પ્રભાવિત થઈને પોતાની સમજ ગુમાવવાને બદલે સામાન્ય બુદ્ધિનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી. તનિષાએ અંતમાં ભાર મૂક્યો કે સમાજમાં સુરક્ષા જાળવવા માટે કાયદાનું પાલન થવું અને દરેક બાબત તર્કસંગત તથા તથ્ય આધારિત હોવી જરૂરી છે.

**તનિષાએ પોતાની પોસ્ટમાં સરકારના સમર્થકો અને ટીકાકારોને અલગ રીતે જોવાની માનસિકતા પર પણ સવાલ ઉઠાવ્યો હતો**

# મલ્હાર-પૂજાના ઘરે બમણી ખુશીઓનું આગમન

## પહેલાં નોરતે 'અંબા' અને 'નટરાજ' પધાર્યા; સ્ટાર્સે વાછરડા સાથેના ક્યુટ ફોટો શેર કર્યા

મુંબઇ

ગુજરાતી સિનેમાના ક્યૂટ કપલ એટલે કે મલ્હાર ઠાકર અને પૂજા જોશીના ઘરે આ વર્ષે નવરાત્રિમાં 'અંબા' અને 'નટરાજ'નું આગમન થયું છે.

નવરાત્રિના પ્રથમ દિવસે મલ્હાર અને પૂજાએ ઘરે બે વાછરડાનું સ્વાગત કર્યું. મલ્હાર અને પૂજાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર કેટલાક ફોટો શેર કરીને ચાહકો સાથે ખુશી શેર કરી. પહેલે નોરતે મલ્હાર અને પૂજાએ ટ્વિનિંગ કર્યું હતું. પૂજાએ સીફોમ રંગની સુંદર સાડી પહેરી હતી, જ્યારે મલ્હારે પણ આ જ રંગનો કુર્તો પહેર્યો હતો. બંનેએ ગૌ-પૂજન કરીને વાછરડાઓને પ્રેમથી આવકાર્યા. પૂજાએ ફોટોના કેપ્શનમાં લખ્યું, 'મા અંબાના આશીર્વાદથી અમારા ઘરમાં વાછરડાના સાદ સંભળાઈ રહ્યા છે. પહેલું નોરતું અને અમારો પરિવાર થોડો વધુ દિવ્ય બની ગયો છે... અને થોડો નટખટ પણ. અમારા 'અંબા' અને 'નટરાજ'ને હાઈ કહો.' ફોટોમાં બંને સ્ટાર્સ વાછરડાને હેત કરતા અને ગૌ-સેવા કરતા જોવા મળી રહ્યા છે. તેમની પોસ્ટ પર ચાહકો અને ગુજરાતી સિનેમાના અન્ય કલાકારો પણ પ્રેમ વરસાવી રહ્યા છે અને નવરાત્રિની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. નોંધનીય છે કે, થોડા સમય પહેલાં જ મલ્હાર અને પૂજાની ફિલ્મ 'ચટણી' રિલીઝ થઈ હતી. પરિવારની ખાટી-મીઠી અને તીખી લાગણીઓ દર્શાવતી આ ફિલ્મને દર્શકો તરફથી પણ ખૂબ પ્રેમ મળ્યો હતો. નોંધનીય છે કે બંનેની જોડીને સોશિયલ મીડિયા પર પણ ખૂબ જ પસંદ કરવામાં આવે છે અને તેમના ચાહકો (ફેન્સ)ની સંખ્યા પણ દિવસેને દિવસે વધતી જાય છે.



# 'રામાયણ'ની રિલીઝ ડેટ જાહેર: નવરાત્રિ પર નવું પોસ્ટર જાહેર

## 'રામાયણ પાર્ટ 1' 5 નવેમ્બર 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે, જ્યારે તેની એડવાન્સ બુકિંગ દશેરાથી શરૂ કરવામાં આવશે.

મુંબઇ

નિતેશ તિવારીના ડિરેક્શનમાં બની રહેલી ફિલ્મ 'રામાયણ'ના નિર્માતાઓએ નવરાત્રિના પહેલા દિવસે ફિલ્મનું નવું પોસ્ટર જાહેર કર્યું છે. આ પોસ્ટરમાં ભગવાન રામના રૂપમાં રણબીર કપૂર, માતા સીતાના રૂપમાં સાઈ પલ્લવી, લક્ષ્મણના રૂપમાં રવિ દુબે અને રાવણના અવતારમાં યશ જોવા મળી રહ્યા છે. આ સાથે જ નિર્માતાઓએ ફિલ્મના પહેલા ભાગની રિલીઝ તારીખની પણ જાહેરાત કરી છે. 'રામાયણ પાર્ટ 1' 5 નવેમ્બર 2026ના રોજ દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે, જ્યારે તેની એડવાન્સ બુકિંગ દશેરાથી શરૂ કરવામાં આવશે. ફિલ્મના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પર પોસ્ટર શેર કરતાં મેકર્સે લખ્યું કે, નવરાત્રિના શુભ અવસરે એક નવા યુગની શરૂઆત થઈ રહી છે. તેમણે ટેગલાઈન આપી- 'આ રામના યુગનો આરંભ છે'. રિલીઝ કરવામાં આવેલા પોસ્ટરમાં આગળની તરફ રણબીર કપૂર, સાઈ પલ્લવી અને રવિ દુબે રામ, લક્ષ્મણ અને જાનકીના પાત્રોમાં જોવા મળી રહ્યા છે, જ્યારે બેકગ્રાઉન્ડમાં યશનો રાવણ અવતાર નજરે પડે છે. આ પોસ્ટરમાં પાત્રોના કોસ્ચ્યુમ અને વિશાળ સેટની ઝલક જોવા મળી રહી છે. 5 ભાષાઓ અને IMAX ફોર્મેટમાં થશે રિલીઝ 'રામાયણ'ને ભારતીય સિનેમાના સૌથી મોટા રૂપાંતરણ પ્રોજેક્ટ્સમાંથી એક તરીકે તૈયાર કરવામાં આવી રહી છે.

આ ફિલ્મ હિન્દી, તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ સહિત પાંચ ભાષાઓમાં રિલીઝ થશે. મેકર્સ આ ફિલ્મને IMAX જેવા પ્રીમિયમ ફોર્મેટ્સમાં દર્શકો સમક્ષ રજૂ કરવાની યોજના બનાવી રહ્યા છે. ફિલ્મનો પહેલો ભાગ 5 નવેમ્બર 2026ના રોજ આવશે, જ્યારે તેનો બીજો ભાગ એટલે કે 'રામાયણ પાર્ટ 2' દિવાળી 2027માં સિનેમાઘરોમાં લાવવામાં આવશે. નિતેશ તિવારીના ડિરેક્શનમાં બની રહેલી આ ફિલ્મ બે ભાગમાં રિલીઝ થશે. આ પૌરાણિક ફિલ્મને આશરે 4,000 કરોડ રૂપિયાના બજેટમાં તૈયાર કરવામાં આવી રહી છે. તેનું સંગીત ઑસ્કર વિજેતા સંગીતકાર હાન્સ ઝિમર અને એઆર રહમાન સાથે મળીને તૈયાર કરી રહ્યા છે.





# વિધુત જામવાલે CSMT નજીક ડમરુ વગાડીને મચાવી ધમાલ

## આ સમગ્ર ઘટનાક્રમનો વીડિયો તેણે 11 ઑક્ટોબરે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કર્યો હતો

મુંબઇ

મુંબઈગરાઓની વ્યસ્ત જીવનશૈલી, ગાડીઓનો ઘોંઘાટ, લોકોની દોડધામ અને સતત ભાગતી જિંદગી... આ બધાની વચ્ચે અચાનક ડમરુનો અવાજ સંભળાય તો? મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) નજીક કંઈક આવું જ જોવા મળ્યું હતું, જ્યારે બોલિવૂડનો એક્શન સ્ટાર વિદ્યુત જામવાલ ડમરુ વગાડતો નજરે પડ્યો. પોતાની એક્શન અને માર્શલ આર્ટ્સની કળા માટે જાણીતા વિદ્યુતને આ રીતે પરંપરાગત વાદ્ય વગાડતા જોઈને ચાહકોનું ધ્યાન પણ તેના તરફ ખેંચાયું હતું . આ સમગ્ર ઘટનાક્રમનો વીડિયો તેણે 11 ઑક્ટોબરે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કર્યો હતો.

વિદ્યુત જામવાલે આ વીડિયોની સાથે મનની શાંતિ અને નિયંત્રણ છોડવા અંગેનો સંદેશ પણ આપ્યો હતો. તેણે ડમરું વગાડવાના અનુભવને મનને નિયંત્રણમાંથી મુક્ત કરીને લય સાથે વહેવા દેવાની રીત ગણાવી હતી. તેના મતે, ડમરુના લય વિચારોને આરામ આપવામાં અને મનમાં સ્થિરતા અનુભવવામાં મદદરૂપ થઈ શકે છે. આ રીતે વિદ્યુતે માત્ર પોતાનું પ્રદર્શન જ નહીં, પરંતુ જીવન પ્રત્યે જોવાનો એક અલગ દૃષ્ટિકોણ પણ રજૂ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ડમરુ ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક પરંપરામાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. ભગવાન શિવ સાથે જોડાયેલું ડમરુ તેના વિશિષ્ટ અવાજ અને લય માટે ઓળખાય છે. ધાર્મિક વિધિઓ અને પરંપરાગત પ્રથાઓમાં પણ તેનો ઉપયોગ થાય છે. મુંબઈ જેવા ધમધમતા શહેરમાં વિદ્યુતનો ડમરુ વગાડતો વીડિયો આધુનિક જીવનની ભાગદોડ વચ્ચે થોડી ક્ષણો રોકાઈને પોતાની સાથે જોડાવાના વિચાર તરફ ધ્યાન દોર્યું હતું. લયબદ્ધ રીતે વાદ્ય વગાડવું કેટલાક લોકો માટે તણાવ હળવો કરવામાં અને એકાગ્રતા વધારવામાં મદદરૂપ બની શકે છે. ડમરુ વગાડતી વખતે હાથની ગતિ, અવાજ અને લય પર ધ્યાન કેન્દ્રિત કરવું પડે છે.

# અક્ષય કુમાર અને વિપુલ અમૃતલાલ શાહની 'સમુક'નું યુકે શેડ્યૂલ પૂર્ણ, હવે મુંબઈમાં થશે શૂટિંગનો છેલ્લો પડાવ

અમદાવાદ

અક્ષય કુમાર અને વિપુલ અમૃતલાલ શાહની આગામી સાયન્સ-ફિક્શન એક્શન થ્રિલર ફિલ્મ 'સમુક'નું યુકેમાં શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે. હવે ફિલ્મની ટીમ મુંબઈમાં 20 દિવસના અંતિમ શેડ્યૂલનું શૂટિંગ કરશે. કનિષ્ક વર્માના નિર્દેશનમાં બની રહેલી આ ફિલ્મનું નિર્માણ વિપુલ અમૃતલાલ શાહ પોતાના પ્રોડક્શન હાઉસ સનશાઈન પિક્ચર્સ હેઠળ કરી રહ્યા છે. આ ફિલ્મમાં સાયન્સ-ફિક્શન, એક્શન અને સર્વાઇવલનો રોમાંચ જોવા મળશે.

ફિલ્મની ટીમ ઓગસ્ટના અંતથી યુકેમાં શૂટિંગ કરી રહી હતી. આ દરમિયાન ફિલ્મનું લગભગ 80 ટકા શૂટિંગ પૂર્ણ થયાના અહેવાલ છે. હવે મુંબઈમાં થનારા શેડ્યૂલમાં ફિલ્મના બાકીના ભાગોનું શૂટિંગ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ પર બે વર્ષથી વધુ સમયથી કામ ચાલી રહ્યું છે.

અક્ષય કુમાર આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. તેમની સાથે રુક્મિણી મૈત્રા, વિનીત કુમાર સિંહ, રજત કપૂર, સ્વાનંદ કિરકિરે, બનિતા સંધુ અને સુશાંત સિંહ પણ મહત્ત્વની ભૂમિકાઓમાં જોવા મળશે. ફિલ્મનાં પાત્રો અને વાર્તા વિશે નિર્માતાઓએ હજુ સુધી વધુ માહિતી જાહેર કરી નથી. ફિલ્મની કાસ્ટમાં વિવિધ પ્રકારના કલાકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે આ ફિલ્મને વધુ ખાસ બનાવે છે.

ફિલ્મ માટે આંતરરાષ્ટ્રીય સ્તરના કલાકારો અને ટેક્નિકલ નિષ્ણાતોની પણ મદદ લેવામાં આવી છે. ઓસ્કર માટે નામાંકિત ક્રિચર ઈફેક્ટ્સ ડિઝાઈનર એલેક ગિલિસે ફિલ્મના મુખ્ય એલિયન પાત્રની ડિઝાઈન તૈયાર કરી છે. તેઓ 'એલિયન' અને 'પ્રિડેટર' જેવી ફિલ્મોમાં પોતાના કામ માટે જાણીતા છે. ફિલ્મમાં ક્રિચર ઈફેક્ટ્સની સાથે મોટા પાયે એક્શન સિક્વન્સ પણ જોવા મળશે.



### આ જીત સાથે ભારતે 5 મેચની શ્રેણીમાં 2-1ની લીડ મેળવી

# ત્રીજી T20: વેસ્ટ ઇન્ડીઝ સામે ભારતની 14 રને શાનદાર જીત



ઈન્દોર

ઈન્દોરના હોલ્કર સ્ટેડિયમમાં રમાયેલી ત્રીજી T20Iમાં ભારતે વેસ્ટ ઈન્ડિઝને 14 રને હરાવ્યું. ભારતીય ટીમે 223 રન બનાવ્યા, જેના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝ 209 રન જ બનાવી શક્યું. અભિષેક શર્માએ 30 બોલમાં 69 રન ફટકાર્યા અને અર્શદીપ સિંહે 3 વિકેટ ઝડપી. આ જીત સાથે ભારતે 5 મેચની શ્રેણીમાં 2-1ની લીડ મેળવી. ઈન્દોરના હોલ્કર સ્ટેડિયમ ખાતે રમાયેલી ભારત અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચેની શ્રેણીની ત્રીજી T20I મેચમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કરતા 14 રને વિજય મેળવ્યો છે. પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમે 20 ઓવરમાં 223 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી વેસ્ટ ઈન્ડીઝની ટીમ 20 ઓવરમાં 7 વિકેટના ભોગે 209 રન જ બનાવી શકી હતી. આ સાથે જ ભારતે T20 રોમાંચક મુકાબલામાં 14 રને જીત હાંસલ કરી છે. પાંચ મેચની શ્રેણીમાં 2-1થી ભારત આગળ છે. મેચમાં અર્શદીપ સિંહે 3 વિકેટ ચટકાવી હતી, તો અભિષેકે 30 બોલમાં 69 રન બનાવ્યા હતા. ભારતે પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 223 રન બનાવીને વેસ્ટ ઈન્ડિઝ સામે જીત માટે 224 રનનો વિશાળ લક્ષ્યાંક આપ્યો હતો. ભારતની શરૂઆત સંજુ સેમસન (3)ના ઝડપથી આઉટ થવાથી ખરાબ રહી, પરંતુ અભિષેક શર્મા અને ઈશાન કિશને આક્રમક બેટિંગ કરીને રનનો વરસાદ કર્યો હતો. અભિષેકે 30 બોલમાં 69 રનની વિસ્ફોટક ઈનિંગ રમી, જેમાં 6 ચોગ્ગા અને 5 છગ્ગા સામેલ રહ્યા, જ્યારે ઈશાન કિશને 18 બોલમાં 37 રન બનાવ્યા. ટીમ ઈન્ડિયાનો ઓપનર બેટર અભિષેક શર્મા T20 ફોર્મેટના લગભગ 21 વર્ષના ઈતિહાસમાં સૌથી ઝડપી બે હજાર રન પૂરા કરનાર બેટ્સમેન બની ગયો છે. તે બોલના હિસાબે દુનિયામાં સૌથી ઝડપી બે હજાર રન પૂરા કરનાર બેટ્સમેન બની ગયા છે.

## વૈદેહી ચૌધરીએ વુમન્સ સિંગલ્સમાં ત્રીજું ફેનેસ્ટા ઓપન ટાઇટલ જીત્યું

નવી દિલ્હી

નવી દિલ્હીના DLTA કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી 31મી ફેનેસ્ટા ઓપન નેશનલ ટેનિસ ચેમ્પિયનશિપમાં ટોચના ક્રમની વૈદેહી ચૌધરી અને છઠ્ઠા ક્રમે આવતા માન કેશરવાનીએ શનિવારે અનુક્રમે વુમન્સ અને મેન્સ સિંગલ્સ ટાઈટલ જીત્યા છે. 2022 અને 2024માં પણ આ ખિતાબ જીતનારી ચૌધરીએ 20 વર્ષીય શ્રુતિ અહલાવતને બે કલાક અને 15 મિનિટ ચાલેલી ફાઈનલમાં 6-4, 7-5થી હરાવીને પોતાનો ત્રીજી વખત ફેનેસ્ટા ઓપન તાજ પોતાના શિરે શોભાવ્યો છે. જીત પછી ચૌધરીએ જણાવ્યું હતું કે, 'મને આ જીતનું ખૂબ જ ગૌરવ છે. આ મારું ત્રીજું ટાઈટલ હોવાથી ચોક્કસપણે હું અત્યારે ખૂબ ખુશ છું. પહેલા સેટમાં હું 5-3થી આગળ હતી અને તે સતત લડત આપી રહી હતી. બીજા સેટમાં પણ હું 5-3થી આગળ હતી અને તે અંત સુધી લડતી રહી. તે એક શાનદાર અને રસાકસી ભરી મેચ હતી.' મેન્સ સિંગલ્સની ફાઈનલમાં, કેશરવાનીએ ત્રીજા ક્રમના નીતિન સિંહાને એક કલાક અને 37 મિનિટમાં 6-0, 6-4 થી હરાવીને પોતાનું પહેલું ફેનેસ્ટા ઓપન ટાઈટલ જીત્યું છે. કેશરવાનીએ એક પણ ગેમ છોડ્યા વગર શરૂઆતના સેટમાં પ્રથમ 6 ગેમ જીતીને પ્રભાવશાળી શરૂઆત કરી હતી.

### સૌરાષ્ટ્ર તરફથી જાડેજા-પ્રેરક માંકડ સદીની નજીક

## રણજી ટ્રોફીના પહેલા દિવસે મોહમ્મદ શમીએ 4 વિકેટ ઝડપી

નવી દિલ્હી

રણજી ટ્રોફીના પ્રથમ દિવસે મોહમ્મદ શમીએ 4 વિકેટ ઝડપી. તેના પ્રદર્શનના બળે બંગાળે દિલ્હીને 240 રનમાં ઓલઆઉટ કરી દીધું. તો ઉત્તર પ્રદેશ માટે રમી રહેલા રિંકુ સિંહે બિહાર સામે અણનમ સદી ફટકારી. સૌરાષ્ટ્રના રવીન્દ્ર જાડેજા અણનમ 72 રન બનાવીને રમી રહ્યો છે. તો કર્ણાટકના કેપ્ટન સ્મરણ રવિચંદ્રને પણ આંધ્ર સામે 126 રન બનાવ્યા. મોહમ્મદ શમીએ દિલ્હી સામે 4 વિકેટ ઝડપી. તેણે 17.3 ઓવરમાં 30 રન આપ્યા અને 9 ઓવર મેડન નાખી. તેના સિવાય આકાશદીપ સિંહે 2 અને આમિર ગનીએ પણ 3 વિકેટ



ઝડપી. દિલ્હીની તરફથી ઋતિક શૌકીન 56 રન બનાવ્યા.

ઉત્તર પ્રદેશે બિહાર સામે પ્રથમ દિવસે મજબૂત સ્થિતિ મેળવી. ટીમે 85 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારબાદ વાપસી કરતાં 3 વિકેટે 287 રન બનાવી લીધા. રિંકુ સિંહ 109 અને માધવ કૌશિક 124 રન બનાવીને અણનમ રહ્યા. બંનેએ ચોથી વિકેટ માટે 202 રનની અતૂટ ભાગીદારી કરી. સૌરાષ્ટ્રે છત્તીસગઢ સામે પ્રથમ દિવસે 4 વિકેટે 308 રન બનાવ્યા. રવીન્દ્ર જાડેજા 72 રન બનાવીને અણનમ છે. જ્યારે પ્રેરક માંકડ 92 રન બનાવીને તેને સાથ આપી રહ્યો છે. બંનેએ મળીને છઠ્ઠી વિકેટ માટે અણનમ 157 રનની ભાગીદારી કરી. આ પહેલાં ઓપનિંગ કરતાં ચિરાગ જાની 83 રન બનાવ્યા.

## અભિષેકએ સૌથી ઝડપી 2000 ટી-20 રન બનાવ્યા

### અભિષેકે 1,024 બોલમાં 2 હજાર ટી-20 રન પૂરા કર્યા

મુંબઈ

ભારતે ત્રીજી ટી-20 મેચમાં વેસ્ટ ઈન્ડિઝને 14 રનથી હરાવી દીધું. ઈન્દોરમાં રમાયેલી મેચમાં અભિષેક શર્મા ટી-20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી ઝડપી 2 હજાર રન બનાવનાર ખેલાડી બની ગયો. અભિષેકે એક વર્ષમાં સૌથી વધુ છગ્ગા ફટકારવામાં સૂર્યકુમાર યાદવની બરાબરી પણ કરી. જ્યારે તિલક વર્મા ટી-20માં 50 કેચ પૂરા કરનાર પાંચમો ભારતીય ખેલાડી બની ગયો. અભિષેકે 1,024 બોલમાં સૌથી ઝડપી 2 હજાર રન બનાવ્યા. તેમણે સૂર્યકુમાર યાદવને પાછળ છોડી દીધો, જેણે 1,164 બોલમાં આ સિદ્ધિ મેળવી હતી. 2. અભિષેક શર્માએ આ વર્ષે 68 છગ્ગા ફટકાર્યા અભિષેકે ઈન્દોરમાં 5 છગ્ગા ફટકાર્યા. તેઓ 2026માં ટી-20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં 68 છગ્ગા ફટકારી ચૂક્યા છે. એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાના મામલે તેમણે સૂર્યકુમાર યાદવની બરાબરી કરી. સૂર્યકુમારે 2022માં 68 છગ્ગા ફટકાર્યા હતા. અભિષેક શર્મા અને ઈશાન કિશને ઈન્દોરમાં 6.4 ઓવરમાં 16.2ના રનરેટથી 108 રન જોડ્યા. આ ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારત માટે 100 રનની ભાગીદારી દરમિયાનનો સૌથી ઝડપી રનરેટ છે. બીજા સ્થાને અભિષેક શર્મા અને તિલક વર્મા છે, જેમણે 2025માં ઈંગ્લેન્ડ સામે 16.04ના રનરેટથી 115 રન જોડ્યા હતા.



તિલક વર્માએ ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 50 કેચ પૂરા કરી લીધા છે. તેઓ આવું કરનાર પાંચમા ભારતીય ખેલાડી બન્યો. 65 કેચ સાથે રોહિત શર્મા પ્રથમ સ્થાને છે. 5. ટી-20માં ભારતે ત્રીજો સૌથી મોટો ઓલઆઉટ સ્કોર બનાવ્યો ભારત 223 રન બનાવીને સંપૂર્ણ 20 ઓવરમાં ઓલઆઉટ થયું. પુરુષોની ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઓલઆઉટ થયા બાદ આ ત્રીજો સૌથી મોટો સ્કોર છે. આ યાદીમાં તુર્કી 237 રન સાથે પ્રથમ સ્થાને છે. પ્રિન્સ યાદવ નંબર-10 અથવા 11 પર બેટિંગ કરતાં 3 કે તેથી વધુ બાઉન્ડરી ફટકારનાર ત્રીજો ભારતીય બન્યો. તેમણે ઈન્દોરમાં 3 બાઉન્ડરીની મદદથી 6 બોલમાં અણનમ 13 રન બનાવ્યા. રોસ્ટન ચેઝની ઓવરના પહેલા બોલ પર ઈશાન કિશને સીધો છગ્ગો ફટકાર્યો. તેના પછીના જ બોલ પર ચેઝે તેમને સ્ટમ્પ આઉટ કરી દીધા. આગળ વધીને શોટ રમવાનો પ્રયાસ કરતાં ઈશાન બોલ ચૂકી ગયો.



### જરૂરિયાતના સમયે ફટાફટ રૂપિયા મળશે

# હવે PFના પૈસા UPIથી મિનિટોમાં ઉપાડી શકશો: કર્મચારીઓને રાહત

મુંબઈ

ક્યારેક બાળકોના અભ્યાસ માટે પૈસાની જરૂર પડે છે તો ક્યારેક પરિવારના કોઈ સભ્યની તબિયત ખરાબ થઈ જાય છે અને ક્યારેક લગ્ન અથવા ઘર બનાવવા માટે અચાનક રકમની જરૂર પડે છે. આવી સ્થિતિમાં નોકરી કરતા લોકો માટે PFના પૈસા મદદરૂપ બને છે. પરંતુ જરૂરિયાતના સમયે PF ખાતામાંથી પૈસા ઉપાડવા અને રકમ બેંક ખાતામાં આવવા સુધી રાહ જોવી પડે છે. હવે આ મુશ્કેલી ઘટાડવાની તૈયારી ચાલી રહી છે. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) પોતાના સભ્યોને UPI દ્વારા PFની રકમ




ઉપાડવાની સુવિધા આપવાની દિશામાં કામ કરી રહ્યું છે. EPFO આ માટે UAN પોર્ટલને સભ્યોના UPI ખાતાઓ સાથે જોડવાની તૈયારી કરી રહ્યું છે. આ માટે એક નવી મોબાઈલ એપ પણ લાવવામાં આવવાની વાત કહેવામાં આવી રહી છે. આ વ્યવસ્થામાં બેંક ખાતા ઉપરાંત BHIM, ફોનપે અને ગૂગલ પે જેવી UPI એપનો ઉપયોગ કરી શકાશે.

રિપોર્ટ અનુસાર, આ સુવિધા હેઠળ પાત્ર સભ્યો પોતાના ખાતામાં જમા રકમના 75% સુધીનો હિસ્સો ઉપાડી શકશે. તેના ઔપચારિક લોન્ચની અપેક્ષા ડિસેમ્બર 2026ના અંત સુધી વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ PFમાંથી પૈસા ઉપાડવા માટે સભ્યોએ UAN પોર્ટલ પર જઈને ઓનલાઈન ક્લેમ કરવો પડે છે. ત્યારબાદ EPFO તરફથી ક્લેમની ચકાસણી કરવામાં આવે છે અને રકમ બેંક ખાતામાં મોકલવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં સમય લાગી શકે છે. નવી વ્યવસ્થાનો હેતુ આ રાહ જોવાનો સમય ઘટાડવાનો છે. આ માટે EPFO બેંકો સાથે મળીને UPI મારફતે PF ઉપાડવાની સુવિધા આપવાનો પ્રયાસ કરી રહ્યું છે.

### સોના-ચાંદીના ભાવમાં ઘટાડો થયો

## સોનું-ચાંદી થયા સસ્તા, સોનું ₹1,005 સસ્તું થયું: ચાંદીમાં ₹235નો ઘટાડો

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં 12 ઑક્ટોબરે ઘટાડો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,005 રૂપિયા ઘટીને 1.48 લાખ રૂપિયા થયું છે. જ્યારે એક કિલો ચાંદી 235 રૂપિયા ઘટીને 2.21 લાખ રૂપિયા પર આવી ગઈ છે. આ પહેલાં ગત મહિને એટલે કે સપ્ટેમ્બરમાં સોનું 8 હજાર અને ચાંદી 15 હજાર રૂપિયા સસ્તી થઈ હતી. 31 ઑગસ્ટે સોનું 1.56 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતું, જે 30 સપ્ટેમ્બરે ઘટીને 1.48 લાખ રૂપિયા પર આવી ગયું. એ જ રીતે, 1 કિલો ચાંદીનો ભાવ 2.37 લાખ રૂપિયાથી ઘટીને 2.22 લાખ રૂપિયા પર આવી ગયો.



નિષ્ણાતોનું માનવું છે કે હાલમાં સોના-ચાંદીના ભાવમાં ઉતાર-ચઢાવ યથાવત્ રહી શકે છે: અમેરિકાની કેન્દ્રીય બેંક 'ફેડરલ રિઝર્વ' 3 વર્ષમાં પહેલીવાર વ્યાજ દરોમાં વધારો કર્યો છે. આને કારણે સોનાના ભાવમાં ઘટાડો થયો છે. અમેરિકા-ઈરાન યુદ્ધ અને આર્થિક અનિશ્ચિતતાને કારણે સોનાને ટેકો મળી શકે છે. રોકાણકારો ફરી સોનાને સુરક્ષિત રોકાણ તરીકે પસંદ કરી શકે છે. રોકાણકારોએ સાવચેત રહેવું જોઈએ, કારણ કે બજારમાં હજુ પણ નબળાઈના સંકેતો જોવા મળી રહ્યા છે. કોઈપણ મોટા ઘટાડા પર ખરીદીની તક પણ ઊભી થઈ શકે છે. સર્ટિફાઈડ સોનું જ ખરીદો: હંમેશા બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)નું હૉલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો. આ નંબર અલ્ફાન્યુમેરિક એટલે કે કંઈક આ પ્રકારનો હોઈ શકે છે- AZ4524. હૉલમાર્કિંગથી જાણવા મળે છે કે સોનું કેટલા કેરેટનું છે.

### ઇક્વિટી ફંડ્સમાં રોકાણ વધ્યું, સ્મોલ-કેપમાં સૌથી વધુ ₹9,038 કરોડ આવ્યા

# સપ્ટેમ્બરમાં SIPમાં ₹32,490 કરોડનું રેકોર્ડ રોકાણ થયું

### ઓગસ્ટની સરખામણીએ ₹193 કરોડ વધુ, મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગનું AUM 5.1% ઘટ્યું, 63 લાખ નવા SIP રજિસ્ટ્રેશન, કુલ SIP એસેટ્સ ₹17.86 લાખ કરોડે પહોંચ્યા

મુંબઈ

સપ્ટેમ્બર 2026માં સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન એટલે કે SIP મારફતે માસિક યોગદાન એટલે કે રોકાણ 32,490 કરોડના નવા ઓલ-ટાઈમ હાઈ પર પહોંચી ગયું છે. આ પહેલાં ઓગસ્ટમાં આ આંકડો 32,297 કરોડ રહ્યો હતો. ઓગસ્ટની સરખામણીએ સપ્ટેમ્બરમાં SIP યોગદાનમાં 193 કરોડ એટલે કે આશરે 0.6%નો વધારો થયો છે. આ દર્શાવે છે કે દેશમાં મ્યુચ્યુઅલ ફંડ રોકાણને લઈને રિટેલ રોકાણકારોનો વિશ્વાસ સતત મજબૂત થઈ રહ્યો છે. આ સતત બીજો મહિનો છે જ્યારે SIP યોગદાન 32,000 કરોડને પાર રહ્યું છે. જોકે, આ દરમિયાન મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની કુલ એસેટ્સ અંડર મેનેજમેન્ટ (AUM)માં ઘટાડો નોંધાયો છે. એસોસિએશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (AMFI) દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, સપ્ટેમ્બર મહિનામાં આશરે 63 લાખ નવા SIP




એકાઉન્ટ રજિસ્ટર થયા છે. આ સાથે જ સપ્ટેમ્બરના અંત સુધીમાં SIP મારફતે કુલ એસેટ્સ અંડર મેનેજમેન્ટ (SIP AUM) 17.86 લાખ કરોડના સ્તરે પહોંચી ગયું છે. SIP દ્વારા રોકાણકારો એકમુશ્ત રકમનું રોકાણ કરવાને બદલે દર મહિને નક્કી સમયે એક નિશ્ચિત રકમ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સમાં રોકાણ કરે છે. માસિક SIP યોગદાન તે મહિનામાં આવેલી રકમ દર્શાવે છે, જ્યારે SIP AUM રોકાણ કરાયેલા નાણાંની વર્તમાન માર્કેટ વેલ્યુ દર્શાવે છે. ઉદ્યોગનું કુલ AUM 5.1% ઘટ્યું, ડેટ ફંડ્સમાંથી વેચવાલી SIPમાં રેકોર્ડ રોકાણ છતાં, મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગના કુલ નેટ એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ (AUM)માં સપ્ટેમ્બરમાં ઘટાડો થયો છે. 30 સપ્ટેમ્બર સુધી ઉદ્યોગનું કુલ AUM 82.64 લાખ કરોડ રહ્યું, જે ઓગસ્ટના અંતે 87.08 લાખ કરોડ હતું. તેમાં આશરે 5.1%નો ઘટાડો થયો છે. AUMમાં ઘટાડાનું મુખ્ય કારણ ડેટ મ્યુચ્યુઅલ ફંડ્સમાંથી થયેલી ભારે વેચવાલી છે. સપ્ટેમ્બરમાં ડેટ ફંડ્સમાંથી 1.83 લાખ કરોડની નેટ ઉપાડ નોંધાઈ હતી. AMFIના આંકડા દર્શાવે છે કે રિડેમ્પ્શન એટલે કે રોકાણ પરત કરવાથી અથવા મેચ્યોરિટી પર મળતી રકમ અને માર્કેટ વેલ્યુમાં ફેરફારને કારણે કુલ AUM ઘટી શકે છે, પરંતુ SIP દ્વારા આવતો નિયમિત ઈનફ્લો વધતો રહી શકે છે.

## સેન્સેક્સ 548 પોઈન્ટ ઘટીને 71,925 પર બંધ

- **નિફ્ટી પણ 157 પોઈન્ટ નીચે આવ્યો, IT અને બેન્કિંગ શેરોમાં વધુ વેચવાલી રહી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 12 ઓક્ટોબરે ઘટાડો રહ્યો. સેન્સેક્સ 548 અંક નીચે 71,925 પર બંધ થયો.

નિફ્ટીમાં પણ 157 અંકનો ઘટાડો રહ્યો અને તે 22,363 પર બંધ થયો. IT, બેન્કિંગ અને FMCG શેર્સમાં આજે વધુ વેચવાલી રહી. લગભગ 4 વર્ષમાં પહેલીવાર દરો વધારવાની સાથે RBIએ પોતાનું વલણ 'ન્યુટ્રલ'માંથી બદલીને 'કેલિબ્રેટેડ ટાઈટનિંગ' કરી દીધું છે. આવી સ્થિતિમાં આગામી કેટલાક મહિનામાં RBI વ્યાજદરમાં 1% સુધીનો વધારો કરી શકે છે. આ કારણે બજારમાં ઘટાડો છે. ગ્લોબલ માર્કેટમાં બોન્ડ સેલ-ઓફ તેજ થવાને કારણે અમેરિકાના 30 વર્ષના બોન્ડની યીલ્ડ 5.71%ને પાર પહોંચી ગઈ છે. 10 વર્ષના બોન્ડની યીલ્ડ પણ 5.3%થી ઉપર ચાલી ગઈ છે. બોન્ડ યીલ્ડ વધવાથી રોકાણકારો શેર માર્કેટમાંથી નાણાં ઉપાડીને ડેટ માર્કેટ તરફ વળે છે. મિડલ ઈસ્ટમાં તણાવ અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાં જહાજો પર વધતા હુમલાઓને કારણે બ્રેન્ટ ક્રૂડ 2% વધીને 102 ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગયું છે. સપ્લાયમાં વિક્ષેપ પડવાની આશંકા અને ક્રૂડ ઈન્વેન્ટરીમાં 3.2 મિલિયન બેરલનો ઘટાડો થવાથી ઓઈલના ભાવોમાં આ તેજી આવી છે.

### ખેલૈયાઓની જિંદગી સાથે ચેડાં

# લોકપ્રિય ગાયક જીગરદાન ગઢવીના 'સાંચી ગરબા' પર ફાયર વિભાગની લાલ આંખ.!!!

**ફાયર બ્રિગેડના અધિકારીઓના જણાવ્યા મુજબ, નિયમો વિરુદ્ધ ચાલતા આ આયોજનને લઈને તાત્કાલિક ધોરણે નોટિસ આપવામાં આવશે અને જો સમયસર પૂરતી સુરક્ષા વ્યવસ્થા સુધારવામાં નહીં આવે, તો કાયદેસરની કડક કાર્યવાહી કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે!!**

અમદાવાદ:

નવરાત્રીના પાવન અવસરે ખેલૈયાઓ ગરબે ઘુમવા માટે થનગની રહ્યા છે, ત્યારે બીજી તરફ અમદાવાદના ન્યૂ સાયન્સ સિટી રોડ પર આયોજિત લોકપ્રિય કલાકાર જીગરદાન ગઢવીના 'સાંચી ગરબા' વિવાદના વંટોળમાં ફસાયા છે. ગરબા આયોજનમાં સુરક્ષા વ્યવસ્થા અને ફાયર સેફ્ટીના નિયમોની ધજાગિયા ઉડાવવામાં આવી હોવાના ગંભીર અહેવાલો સામે આવ્યા છે. લાખો યુવાનોની ભીડ ભેગી થતી હોય તેવા આ હાઈફાઈ આયોજનમાં સેફ્ટીના મોટા ધાંધિયા જોવા મળતા હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ફાયર વિભાગે આક્રમક વલણ અપનાવ્યું છે અને આયોજકોને કાનૂની નોટિસ ફટકારવાની તૈયારી શરૂ કરી દીધી છે.

અમદાવાદના પોશ વિસ્તાર ગણાતા ન્યૂ સાયન્સ સિટી રોડ પર 'સાંચી ગરબા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જ્યાં ગાયક જીગરદાન ગઢવીના સૂરના તાલે હજારોની સંખ્યામાં ખેલૈયાઓ ઝૂમે છે. પરંતુ આ ચમક-દમક પાછળ સુરક્ષા વ્યવસ્થાની ગંભીર બેદરકારી છુપાયેલી છે. ફાયર વિભાગ દ્વારા કરાયેલી પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ વિશાળ ડોમ અને આયોજનમાં ફાયર સેફ્ટીના સાધનો, ઈમરજન્સી એક્ઝિટ (બચાવ માર્ગો) અને NOC (ના વાંધા પ્રમાણપત્ર) ને લઈને નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.

તુલનાત્મક રીતે જોઈએ તો, જો કોઈ મોટી દુર્ઘટના કે શોર્ટ સર્કિટ જેવી ઘટના ઘટે, તો હજારોની મેદની ધરાવતા આ ગરબા ગ્રાઉન્ડમાંથી બહાર નીકળવું મુશ્કેલ બની શકે છે. આ ગંભીર છબરડાને કારણે અગાઉ પણ અનેક દુર્ઘટનાઓ સર્જાઈ ચૂકી છે, છતાં આયોજકો દ્વારા સાવચેતી રાખવામાં આવી નથી.

સાંચી ગરબાના આયોજકો દ્વારા સુરક્ષાના ધોરણોને ઘોળીને પી જવાની આ હરકત સામે હવે ફાયર વિભાગે સખ્ત રૂખ અપનાવ્યો છે. ફાયર બ્રિગેડના અધિકારીઓના જણાવ્યા મુજબ, નિયમો વિરુદ્ધ ચાલતા આ આયોજનને લઈને તાત્કાલિક ધોરણે નોટિસ આપવામાં આવશે અને જો સમયસર પૂરતી સુરક્ષા વ્યવસ્થા સુધારવામાં નહીં આવે, તો કાયદેસરની કડક કાર્યવાહી કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

એક તરફ તંત્ર દ્વારા સેફ્ટીના બણગા ફૂંકવામાં આવે છે, તો બીજી તરફ કરોડો રૂપિયાની કમાણી કરતા આવા મોટા આયોજકો લોકોના જીવન સાથે સીધા ખેલ ખેલતા હોવાથી નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.



**જન સેવા અને સુશાસનના 25 વર્ષ**

## અમદાવાદના ઘાટલોડિયામાં AMC દ્વારા યોજાયો ભવ્ય સંયુક્ત 'સેવા સેતુ' કાર્યક્રમ

અમદાવાદ

દેશના જનપ્રિય અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના જાહેર જીવન, જન સેવા, સુશાસન અને સમર્પણના ૨૫ ગૌરવવંતા વર્ષોની સફળ સફરની ઉજવણીના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં ભવ્ય આયોજનો થઈ રહ્યા છે. આ નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત ઘાટલોડિયા વિધાનસભા વિસ્તારમાં એક વિશાળ લોકકલ્યાણકારી સંયુક્ત 'સેવા સેતુ' કાર્યક્રમનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું.

ઉત્તર-પશ્ચિમ ઝોન હેઠળ આવતા ગોતા, ચાંદલોડીયા, ઘાટલોડિયા, થલતેજ અને બોડકદેવ વોર્ડના નાગરિકો માટે આ સંયુક્ત સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકોને સરકારી યોજનાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન લક્ષી સેવાઓ, આવકના દાખલા, મા કાર્ડ, આધાર કાર્ડ સહિતની તમામ કલ્યાણકારી સુવિધાઓ એક જ છત નીચે અને ઝડપથી પૂરી



પાડવાનો હતો. આ કલ્યાણકારી મહાયજ્ઞનો લાભ મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકોએ લીધો હતો. આ પાવન અને સેવાકીય પ્રસંગે અમદાવાદના મેયર શ્રી હિતેશ બારોટ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશ પટેલ, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુ શાહ, શાસક પક્ષના નેતા શ્રી જશુ ઠાકોર તેમજ દંડક શ્રી અતુલ મિશ્રા વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઘાતલોડિયાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી હર્ષદ પટેલ, વિવિધ વોર્ડના કોર્પોરેટરશ્રીઓ તેમજ સંગઠનના હોદ્દેદારોએ હાજરી આપીને પ્રજાજનોના પ્રશ્નોનું સ્થળ પર જ નિવારણ લાવવા માટે વહીવટી તંત્રને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## સરખેજમાં ગાંજો-ચરસ સાથે શાહરૂખ ઝડપાયો, ઈમ્તિયાઝ દીવાન ફરાર

અમદાવાદ

મેગા સિટી અમદાવાદને નશાના દલદલમાં ધકેલવાનો પ્રયાસ કરતા ડ્રગ્સ પેડલરો સામે અમદાવાદ સિટી પોલીસે સપાટો બોલાવ્યો છે. શહેરના સરખેજ વિસ્તારમાં પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડીને નશાના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે. સરખેજ સાણંદ સર્કલ પાસે આવેલી સાવન હોટલ નજીકની અમન ગેસ્ટ હાઉસની ગલીમાંથી એક યુવકને નશીલા પદાર્થોના જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો છે. સરખેજ પોલીસ સ્ટેશનની ટીમે સરખેજ-સાણંદ રોડ પર સાવન હોટલ નજીકની ગલીમાં ઓચિંતો દરોડો પાડ્યો હતો. જ્યાં શંકાસ્પદ હાલતમાં ફરેલા શાહરૂખ ભાડોલ નામના યુવકને કોર્ડન કરીને ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા તેની સઘન તલાશી લેવામાં આવતા તેની પાસેથી રૂ. 19,000ની કિંમતનો 397 ગ્રામ ગાંજો તેમજ રૂ. 2,900ની કિંમતનું 11 ગ્રામ ચરસ મળી આવ્યું હતું.

**અમદાવાદમાં ખેડૂતોના હક પર ડાકોઈટી**

## નારોલની ટેક્સટાઇલ મિલમાંથી સબસીડીવાળા યુરિયા ખાતરનું મોટું કૌભાંડ ઝડપાયું, 119 બોરી જપ્ત!

અમદાવાદ

મેગા સિટી અમદાવાદમાં ખેડૂતો માટે સબસીડી દરે આવતા નીમ કોટેડ યુરિયા ખાતરની કાળાબજારી અને ઔદ્યોગિક વપરાશનું કૌભાંડ ધમધમી રહ્યું હોવાનો સનસનાટીભર્યો ખુલાસો થયો છે. નારોલ વિસ્તારમાં આવેલી કાજલ ટેક્સટાઇલ્સ મિલ પ્રાઈવેટ લિમિટેડમાં દરોડો પાડી પોલીસે ગેરકાયદે રાખેલી સબસીડીવાળા યુરિયા ખાતરની 119 બોરીઓ ઝડપી પાડી છે. ખેડૂતોના નામે સરકારી યોજનાઓનો લાભ ઉઠાવી પોતાના ટેક્સટાઈલ પ્રોસેસિંગમાં સસ્તું યુરિયા વાપરી તગડો નફો રળવાના આ કાળા ખેલથી ભારે ખળભળાટ મચી ગયો છે. નારોલ પોલીસે ચોક્કસ



બાતમીના આધારે કાજલ ટેક્સટાઈલ્સ મિલમાં અચાનક દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન મિલના ગોડાઉનમાંથી GNFC, IFFCO, GSFC અને KRIBHCO કંપનીના સબસીડીયુક્ત નીમ કોટેડ યુરિયાની કુલ 119 ભરેલી બોરીઓ તેમજ 16 ખાલી થેલીઓ મળી આવી હતી. જપ્ત કરાયેલા ખાતરના જથ્થાની કિંમત આશરે રૂ. 31,000થી વધુ આંકવામાં આવી છે. ખેતી માટે અનામત રખાતા આ ખાતરનો ગેરકાયદેસર રીતે ટેક્સટાઈલ પ્રોસેસિંગ કોસ્ટ ઘટાડવા માટે ઉપયોગ કરાતો હતો.

**મિલ માલિક અને મેનેજર સામે કાનૂની શિકંજો**

પોલીસ દરોડા દરમિયાન મિલના મેનેજર ઝુબેર મહેબૂબભાઈ પાલીવાળા (રહે. જમાલપુર) સ્થળ પરથી મળી આવ્યા હતા. ખાતરના જથ્થા અંગે તેમની પાસે કોઈ કાયદેસરનું લાઈસન્સ કે પરમિટ નહોતી.

**અમદાવાદના જમાલપુરમાં લુખ્ખા તત્વોનો ખોફ**

## 27 હજારની લેવડદેવડમાં વેપારીનું ગુંડાધામ 'ટાઇગર પોઇન્ટ' પર અપહરણ

અમદાવાદ

મેગા સિટી અમદાવાદના કોટ વિસ્તારમાં આવેલા જમાલપુર અને ગાયકવાડ હેવેલી વિસ્તારમાં અસામાજિક તત્વો અને લુખ્ખાઓનો ત્રાસ સીમા વટાવી ગયો છે. માત્ર ૨૭ હજાર રૂપિયાના સિલાઈના સામાન્ય વિવાદ અને નાણાકીય લેવડદેવડમાં ટેક્સટાઈલ પ્રોસેસિંગના વેપારી સાજિદભાઈ સોજતવાલાનું ઘાતક હથિયારોના જોરે અપહરણ કરી 'ટાઈગર પોઈન્ટ' નામની ઓફિસે લઈ જઈ 14 લાખ રૂપિયાની અઢી ગણી ગેરકાયદે ઉઘરાણી માટે ઢોર માર મારવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. આ કાળા કારનામા બાદ પણ આરોપીઓ મુક્તપણે ફરી રહ્યા હોવાથી કાયદો-વ્યવસ્થા અને પોલીસની કામગીરી સામે તીખા સવાલો ઊભા થયા છે. આ કાળા ખેલની વિગત એવી છે કે આરોપી રોહન ઉર્ફે રોમન ઝુલ્ફિકાર શેખ વેપારી સાજિદભાઈને બહાના હેઠળ જમાલપુર નજીકથી ઉઠાવી ગયો હતો. ત્યાંથી તેમને પૂર્વયોજિત કાવતરા મુજબ અલ્માસ શેખ, મનીષ મુંજાણી અને અજીમ પંજાબી સાથે સંકળાયેલા મળતિયાઓના અડ્ડા સમાન 'ટાઈગર પોઈન્ટ' નામની ઓફિસે પહોંચાડવામાં આવ્યા હતા. ત્યાં પહોંચતા જ ૨૭ હજારના બદલે સીધા ૧૪ લાખ રૂપિયા ચૂકવવા માટે તલવાર, બેઝબોલના બેટ અને ઘાતક હથિયારો વડે વેપારી પર તૂટી પડવામાં આવ્યા હતા. સવાલ એ થાય છે કે શહેરમાં 'ટાઈગર પોઈન્ટ' જેવી ખાનગી ઓફિસોમાં ઘાતક હથિયારો કોની મંજૂરીથી અને કયા જોરે રાખવામાં આવ્યા છે? વેપારી સાજિદભાઈએ સ્પષ્ટતા કરી હતી કે તેમનું સાચું દેવું માત્ર ૨૭ હજાર રૂપિયા છે, તેમ છતાં તેમની પાસેથી કડકાઈથી ૧૪ લાખ રૂપિયા પડાવવાનો ખુલ્લો ખેલ ખેલાયો હતો. આ સમગ્ર ગુનાહિત કાવતરામાં અજીમ પંજાબીના બનેવી અને તેના મળતિયાઓનો હાથ હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. સ્થાનિકોમાં ગણગણાટ છે કે આવા ગુનાહિત માનસિકતા ધરાવતા લોકો સામે કોના આશીર્વાદ છે જેના કારણે તેઓ જાહેરમાં સામાન્ય નાગરિકો અને વેપારીઓને ટોર્ચર કરવાની હિંમત કરે છે.

**ફિરોઝ કાણાના કાળા બાંધકામ સામે AMC કેમ મૂકપ્રેક્ષક?**

## દાણીલીમડામાં ભ્રષ્ટાચારનો ગેરકાયદે મમીલો : AAPના પૂર્વ ઉમેદવાર હારુન નાગોરીની ભાગીદારી?

અમદાવાદ:

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તાર એટલે કે દાણીલીમડામાં ભૂમાફિયાઓ અને ગેરકાયદે બાંધકામ કરનારા તત્વોના હૌસલા એટલા બુલંદ થઈ ગયા છે કે, કાયદો અને મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના નિયમો માત્ર કાગળ પર જ રહી ગયા છે. દાણીલીમડા વિસ્તારમાં આવેલ પટેલના મેદાનની સામે પ્રભુદાસ એસ્ટેટની બાજુમાં ફિરોઝખાન પઠાણ ઉર્ફે ફિરોઝ કાણા નામના કુખ્યાત બિલ્ડર દ્વારા કરોડોનું ગેરકાયદેસર બાંધકામ ધમધમાવવામાં આવી રહ્યું છે. સૌથી મોટો સવાલ એ છે કે આ ગેરકાયદે પ્રપંચમાં આમ આદમી પાર્ટી (AAP) ના પૂર્વ ઉમેદવાર રહી ચૂકેલા હારુન નાગોરીની ભાગીદારી છે કે કેમ? આ અંગે ભારે ચર્ચાઓ ચાલી રહી છે. આ ગેરકાયદેસર બાંધકામ સામે સ્થાનિક નાગરિકો અને જાગૃત નાગરિકો દ્વારા AMC ના દક્ષિણ ઝોનમાં ૧૦૦થી વધુ લેખિત અરજીઓ અને ફરિયાદો કરવામાં આવી ચૂકી છે. એટલું જ નહીં, આ કૌભાંડની ઉચ્ચસ્તરીય વિજિલન્સ તપાસ કરવાની પણ જોરદાર માંગણી કરવામાં આવી છે. છતાં પણ દક્ષિણ ઝોનના એસ્ટેટ વિભાગના અધિકારીઓ કુંભકર્ણની નિંદ્રામાં સૂતા હોય તેમ કોઈ નક્કર કાર્યવાહી કરતા નથી. શું આ અધિકારીઓ કોઈ મોટા રાજકીય દબાણ હેઠળ કે હપ્તાખોરીના ચક્કરમાં આંખ આડા કાન કરી રહ્યા છે? ચર્ચા એવી પણ જોર પકડી રહી છે કે આ ગેરકાયદેસર બાંધકામને પ્રોટેક્શન આપવા પાછળ પૂર્વ વિસ્તારના એક શક્તિશાળી કાઉન્સિલરનો હાથ છે.



## સંક્ષીપ્ત સમાચાર

### ગરબા કે સોશિયલ મીડિયા પર યુવતીઓના ફોટા-વીડિયો વાયરલ કરનાર વિકૃત માનસિકતાવાળા 8 શિકારીઓ સળિયા પાછળ!

સોશિયલ મીડિયા પર સસ્તી લોકપ્રિયતા મેળવવા કે અંગત અદાવત કાઢવા માટે મહિલાઓની ડિજિટલ પ્રાઈવસી સાથે ચેડાં કરનારા અસામાજિક તત્વો સામે અમદાવાદ સાયબર ક્રાઈમે લાલ આંખ કરી છે. સાયબર ક્રાઈમની 'મિશન સાયબર રક્ષિકા' અંતર્ગત અત્યંત આક્રમક કાર્યવાહી હાથ ધરીને મહિલાઓને સોશિયલ મીડિયા પર હેરાન અને પરેશાન કરનાર રીઢા આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. માત્ર એક જ મહિનામાં સાયબર ક્રાઈમે 9 જેટલી ગંભીર FIR દાખલ કરી છે, જેમાં 8 આરોપીઓની ધરપકડ કરી લેવાઈ છે જ્યારે 3 સગીરો પણ આ કાળા કારનામામાં સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે. સોશિયલ મીડિયા પર રાતોરાત ફેમસ થવાની ઘેલછામાં કેટલાક નબીરાઓની અક્કલ ઠેકાણે આવી ગઈ છે. પકડાયેલા આરોપીઓમાં ત્રણ સગીરોનો પણ સમાવેશ થાય છે, જેમણે સોશિયલ મીડિયા પર પોતાના લાઈક્સ અને ફોલોવર્સ વધારવા માટે ગરબા કે અન્ય ડાન્સના વીડિયો પોતાની પ્રોફાઈલ પર ગેરકાયદેસર રીતે પોસ્ટ કર્યા હતા. પર્સનલ એકાઉન્ટ પરથી યુવતીઓની મંજૂરી વગર વીડિયો શેર થવાના આ ગંભીર મામલામાં પીડિતો દ્વારા ફરિયાદ નોંધાવતા જ પોલીસે તાત્કાલિક એક્શન લીધું હતું.

### અમદાવાદમાં બુટલેગરો પર ખાખીનો સકંજો: કૃષ્ણનગર પોલીસે સતત બીજા દિવસે દારૂનો મોટો જથ્થો ઝડપ્યો

ગુજરાતમાં દારૂબંધીના કાયદાના ધજાગરા ઉડાવતા અસામાજિક તત્વો સામે અમદાવાદ પોલીસ હવે ફૂલ એક્શન મોડમાં આવી ગઈ છે. શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા સઘન ઓપરેશનના ભાગરૂપે સતત બીજા દિવસે પણ દારૂનો જંગી જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. કૃષ્ણનગર પોલીસે બાતમીના આધારે એક મકાનમાં દરોડો પાડીને લાખો રૂપિયાની કિંમતની વિદેશી દારૂની બોટલો જપ્ત કરી છે અને બુટલેગરને સળિયા પાછળ ધકેલી દીધો છે. કૃષ્ણનગર પોલીસ સ્ટેશનની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગ અને પેટા-તપાસમાં હતી, તે દરમિયાન ચોક્કસ ગુપ્ત બાતમી મળી હતી કે વિસ્તારમાં આવેલા ધરણીધર બંગલોઝના એક મકાનમાં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂનો જથ્થો છુપાવીને રાખવામાં આવ્યો છે. આ બાતમીના આધારે પોલીસે ત્વરિત એક્શન લેતા તે મકાનમાં ઓચિંતી રેડ પાડી હતી. પોલીસની આ રેડથી બુટલેગરોમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે ઘરની સઘન તલાશી લેતા ત્યાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ 762 બોટલો મળી આવી હતી. જપ્ત કરાયેલા આ વિદેશી દારૂના જથ્થાની કુલ બજાર કિંમત આશરે 4.55 લાખ રૂપિયા આંકવામાં આવી છે.

### આંતરજિલ્લા વાહન ચોરીની ગેંગનો પર્દાફાશ, 23 ગુના આચરનાર કુખ્યાત મુખ્ય સૂત્રધાર સળિયા પાછળ!

ગુજરાતમાં વાહન ચોરોનો ત્રાસ દિવસે ને દિવસે વધી રહ્યો છે ત્યારે અમદાવાદ શહેર પોલીસના ઝોન-૭ એલસીબી (LCB) ટીમે વાહન ચોરોની એક કુખ્યાત અને સક્રિય આંતરજિલ્લા ગેંગ પર તૂટી પડીને મોટો પર્દાફાશ કર્યો છે. પોલીસની સઘન ડ્રાઈવ અને બાતમીના આધારે પોલીસે આ ગેંગના મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ રાક્ષસી વૃત્તિ ધરાવતા સાગરીતોને દબોચી લીધા છે, જેઓ અત્યાર સુધીમાં અસંખ્ય વાહનોની ચોરીને અંજામ આપી ચૂક્યા છે. ઝોન-૭ એલસીબીની ટીમે બાતમીના આધારે ઓપરેશન પાર પાડીને ગેંગના મુખ્ય માસ્ટરમાઈન્ડ બિપિન પરમાર તેમજ તેના બે સાગરીતો અરકાન મલેક અને સાહિલ મણિયારની ધરપકડ કરી લીધી છે. પોલીસ તપાસમાં જે ખુલાસો થયો છે તેણે ખાખી વર્દીવાળાને પણ ચોંકાવી દીધા છે. ગેંગનો મુખ્ય સૂત્રધાર બિપિન પરમાર સામાન્ય ચોર નથી, પરંતુ તે અગાઉ પણ અલગ-અલગ જગ્યાએ ૨૩ જેટલા ગંભીર ચોરીના ગુનાઓને અંજામ આપી ચુકેલો કુખ્યાત રીઢો ગુનેગાર છે. આ પકડાયેલા કુખ્યાત શખ્સો પાસેથી પોલીસે કડાકાભેર કાર્યવાહી કરીને કુલ ૧૧ ચોરીના વાહનો જપ્ત કર્યા છે.

### વટવામાં નવરાત્રિનો મંડપ બાંધવા બાબતે માથાકૂટ: સગીર પર હુમલો કરી રિક્ષામાંથી તલવાર લહેરાવી રોફ જમાવ્યો

અમદાવાદના વટવા રાધે ઓમ સિટીમાં નવરાત્રિ મંડપ બાંધવા મુદ્દે રવિવારે બપોરે સુમીત મરાઠી નામના યુવકે 17 વર્ષીય સગીરને માર માર્યો હતો. રાત્રે ફરી સગીરના મિત્ર પર લાકડાના દંડાથી હુમલો કરી, રિક્ષામાં તલવાર લહેરાવી ભયનો માહોલ સર્જ્યો હતો. વટવા પોલીસે 4 આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વટવા વિસ્તારમાં આવેલા રાધે ઓમ સીટી ખાતે રવિવારે (11મી ઓક્ટોબર) બપોરે નવરાત્રિ મહોત્સવ માટે મંડપ બાંધવાની કામગીરી દરમિયાન બોલાચાલી થતાં સ્થાનિક યુવકે 17 વર્ષીય સગીર સાથે ઝઘડો કરી ગડદાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ રાત્રિના સુમારે ફરીથી આવી સગીરના મિત્ર પર લાકડાના ડંડાથી હુમલો કર્યો હતો અને રિક્ષામાં તલવાર લહેરાવી ભયનો માહોલ ઊભો કર્યો હતો. સમગ્ર મામલે વટવા પોલીસે 4 વ્યક્તિ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI